RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 273, Dt.5-2-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સોનુ ઓલટાઈમ હાઈ : ૮૭૦૦૦ પહોંચ્યો

## વિશ્વબજારમાં ભાવ ૨૮૫૬ ડોલરના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યો : હાજર ચાંદી ૯૮૦૦૦ : ડોલર સામે રૂપિયો ફરી ડાઉન:અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સતારૂઢ થતાની સાથે જ શરૂ થયેલી ટ્રેડવોર ધીમુ પડયુ હોવા છતાં સોના-ચાંદીમાં તેજીનો દોર સતત આગળ ધપતો રહ્યો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

અમેરિકામાં રાષ્ટ્રપતિએ ડોનાલ્ડ ટ્રમ્પ સતારૂઢ થતાની સાથે જ શરૂ થયેલી ટ્રેડવોર ધીમુ પડયુ હોવા છતાં સોના-ચાંદીમાં તેજીનો દોર સતત આગળ ધપતો રહ્યો હોય તેમ આજે વધુ ઉછાળો નોંધાયો હતો. બન્ને કિંમતી ધાતુના ભાવ ૧-૧ હજાર રૂપિયા વધી ગયા હતા. વિશ્વબજારમાં પણ ભાવ નવી ઉંચાઈએ પહોંચ્યો હતો.

રાજકોટમાં સોનાનો હાજર ભાવ રૂા.૮૭૦૦૦ ની નજીક પહોંચ્યો હોય તેમ ૮૬૯૦૦ થયો હતો. ગઈકાલની સરખામણીએ ૧૦૦૦ નો ભાવ વધારો હતો.વિશ્વબજારમાં સોનું ઉંચકાઈને ૨૮૫૬ ના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યુ હતું. કોમોડીટી એકસચેંજમાં ભાવ ૮૪૧૨૫ હતો.

આજ રીતે ચાંદીનો હાજર ભાવ ફરી એક લાખના માર્ગે હોય તેમ ૯૪૦૦૦ ને આંબી ગયો હતો. ગઈકાલની સરખામણીએ ૧૦૦૦ રૂપિયાનો ભાવ વધારો હતો. સોની વેપારીઓના કહેવા પ્રમાણે આંતર રાષ્ટ્રીય ઘટનાક્રમો તેજીમાં ભાગ ભજવી રહ્યા છે. પરંતુ આવતા સમયમાં ગંભીર વળાંક આવવાની આશંકા વ્યકત થતી હતી.

અમેરીકી પ્રમૂખે ગાઝાપટ્ટી પર કબ્જો જમાવવાનું જાહેર કરતા નવુ ટેન્શન ઉભુ થવાની ભીતિ હતી. રશીયા-યુક્રેન યુદ્ધનો પ્રભાવ છે જ. આર્થિક મોરચે પણ અનેકવિધ પડકારોની ઈફેકટ છે. આવતા દિવસોમાં નવા આર્થિક ઘટનાક્રમોનાં આધારે ભાવનો ટ્રેન્ડ નકકી થઈ શકે છે.

સોના-ચાંદીની વર્તમાન તેજીથી લગ્નગાળાની ખરીદી પ્રભાવીત થવાની આશંકા છે. ગ્રાહક વર્ગ ચિંતામાં મુકાયો છે. ખરીદી ઘટવાની આશંકાથી ઝવેરી વર્ગ પણ ચિંતીત છે. બીજી તરફ કરન્સી માર્કેટમાં પણ અનિશ્ચિતતાનો માહોલ યથાવત રહ્યો હતો. આજે ડોલર સામે રૂપિયો ફરી સાત પૈસા ઘટીને ૮૭.૧૪ ના સ્તરે હતો.

આજે સતત ત્રીજા દિવસે એટલે કે ૫ ફેબ્રુઆરીએ સોનું ઓલ ટાઇમ હાઈ પહોંચી ગયું છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જવેલર્સ એસોસિએશન (ઈઈઉઅ) અનુસાર, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૧,૩૧૩ રૂપિયા વધીને ૮૪,૩૨૩ રૂપિયા થયો છે. ગઈકાલે એટલે કે ૪ ફેબ્રુઆરીએ, સોનું ૮૩,૦૧૦ રૂપિયા પ્રતિ દસ ગ્રામના ઓલ ટાઈમ હાઈ સ્તરે હતું.



આજે ચાંદીના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. તે ૧,૬૨૮ રૂપિયા મોંઘુ થઈને ૯૫,૪૨૧ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયું છે. અગાઉ ચાંદીનો ભાવ ૯૩,૭૩ રૂપિયા પ્રતિ કિલો હતો. ૨૩ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ ચાંદી તેના ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગઈ હતી, જ્યારે તે પ્રતિ કિલો રૂ. ૯૯,૧૫૧ પર પહોંચી ગઈ હતી. કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે મોટી તેજી પછી, સોનામાં ઘટાડો થવાની અપેક્ષા હતી અને તે પહેલાથી જ થઈ ચૂક્યું છે. અમેરિકા પછી યુકે દ્વારા વ્યાજ દરોમાં ઘટાડો અને વધતા ભૂ-રાજકીય તણાવને કારણે સોનાને ટેકો મળી રહ્યો છે. તે જ સમયે, ગોલ્ડ ઊઝઋક્ષમાં રોકાણ પણ વધી રહ્યું છે. આ કારણે પણ સોનાની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં, આ વર્ષે સોનું ૯૦ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચી શકે છે.

ગયા વર્ષે સોનાના ભાવમાં ૨૦.૨૨%નો વધારો થયો હતો. તે જ સમયે, ચાંદીના ભાવમાં ૧૭.૧૯%નો વધારો થયો. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સોનાનો ભાવ ૬૩,૩૫૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતો, જે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ૭૬,૧૬૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયો. આ સમયગાળા દરમિયાન એક કિલો ચાંદીનો ભાવ ૭૩,૩૯૫ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૮૬,૦૧૭ રૂપિયા પ્રતિ કિલો થયો.

## દિલ્હીનું સિંહાસન કોને ?: દિલ્હીની ૭૦ બેઠકો માટે સવારથી ઉત્સાહપૂર્વક મતદાન

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આજે મતદાનનો પ્રારંભ થયો છે. સવારથી જ મતદાન મથકો પર લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે. રાજધાનીની તમામ ૭૦ બેઠકો પર મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ સમય દરમિયાન, દિલ્હીના ૧.૫૬ કરોડ મતદાતાઓ તેમના મતાધિકારનો ઉપયોગ કરશે અને લગભગ ૭૦૦ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સહિત અનેક દિગ્ગજોએ તેના મતાધિકારનો ઉપયોગ કર્યો. દિલ્હીવાસીઓ સવારથી જ મતદાન કરવા માટે ઉમટી પડ્યા છે. દિલ્હીમાં જંગી મતદાન થવાના એંધાણ દેખાઈ રહ્યા છે.

પ્રરાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડો. રાજેન્દ્ર પ્રસાદ કેન્દ્રીય વિદ્યાલયમાં મતદાન કર્યું.આમ આદમી પાર્ટીના નેતા અને જંગપુરા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય ઉમેદવાર મનીષ સિસોદિયાએ નવી દિલ્હી વિધાનસભા મતવિસ્તારના લેડી ઈરવિન સિનિયર સેકન્ડરી સ્કૂલ ખાતે સ્થાપિત મતદાન મથક પર મતદાન કર્યું. તેમના પત્ની સીમા સિસોદિયાએ પણ આ મતદાન મથક પર મતદાન કર્યુ હતું. વિદેશ મંત્રી ડો. એસ જયશંકર અને તેમના પત્ની કયોકો જયશંકરે ગઉખઈ સ્કૂલ ઓફ સાયન્સ એન્ડ હ્યુમેનિટીઝ તુઘલક ક્રેસન્ટ ખાતે સ્થાપિત મતદાન મથક પર મતદાન કર્યું. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ તેમના પત્ની લક્ષ્મી પુરી સાથે આનંદ નિકેતનની માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં મતદાન કર્યું. દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરાએ મોતી બાગ મતદાન મથક પર તેમની પત્ની સાથે મતદાન કર્યું. ભાજપના સાંસદ બાંસુરી સ્વરાજે જનપથ સ્થિત મતદાન મથક પર મતદાન કર્યું. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી મતદાન કરવા માટે નિર્માણ ભવન મતદાન મથક પહોંચ્યા અને અહીં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના મતદારોને ખાસ અપીલ કરી છે. પીએમ મોદીએ ડ પર પોસ્ટ કરીને લખ્યું, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આજે બધી બેઠકો માટે મતદાન થશે. હું અહીંના મતદારોને લોકશાહીના આ ઉત્સવમાં પૂરા ઉત્સાહ



સાથે ભાગ લેવા અને પોતાનો કિંમતી મત આપવા વિનંતી કરું છું. આ પ્રસંગે, પહેલી વાર મતદાન કરવા જઈ રહેલા તમામ યુવા મિત્રોને મારી ખાસ શુભેચ્છાઓ. યાદ રાખો- પહેલા મતદાન, પછી નાસ્તો!

રાષ્ટ્રીય રાજધાની આજે તમામ ૭૦ વિધાનસભા બેઠકો માટે મતદાન કરીને પોતાની નવી સરકારની પસંદગી કરશે. દિલ્હીમાં સ્પર્ધા ત્રિકોણીય છે, જેમાં ૨૦૨૫ની દિલ્હી ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (અઅઙ), ભારતીય જનતા પાર્ટી (ઈઉઙ) અને કોંગ્રેસ મેદાનમાં છે.

અરવિંદ કેજરીવાલની અઅઙ સતત ત્રીજી વખત સત્તા જાળવી

## ટેક્સ બિલમાં નવા કર નહીં હોય, માળખાગત મોટા બદલાવ હશે : નાણાં સચિવ

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

કેન્દ્રીય બજેટમાં નવી ટેક્સ પ્રણાલી હેઠળ ૧૨ લાખ સુધીની આવકને કરમુકત કરી દેવામાં આવી છે જયારે જુની સીસ્ટમ આપમેળે જ એકાદ-બે વર્ષમાં બંધ થઈ જવાનો દાવો કેન્દ્રીય નાણાસચીવ તુરિનકાંત પાંડેયએ કર્યો હતો.

તેઓએ કહ્યું કે, બજેટમાં ઈન્કમટેકસની જુની પ્રણાલી વિશે કાંઈ કહેવાયું નથી.તેમા છુટછાટ ટેક્સ સ્લેબ જુદા છે પરંતુ નવી પ્રણાલીમાં મોટી રાહત હોવાથી કરદાતાઓ આપોઆપ જ નથી પ્રણાલીમાં એન્ટ્રી લઈ લેશે.

છુટછાટ વિશે વિચારવાના બદલે કરદાતા રોકાણ પર ફોકસ કરી શકે.




તે માટે જ કર પ્રણાલી દાખલ કરવામાં આવી છે.૧૨ લાખ રૂપિયા સુધીની આવકને કરમુકત રાખવી હોય તો દેખીતી રીતે જ કરદાતાઓ નવી પ્રણાલી તરફ વળી જશે.

દરમ્યાન એકાદ દિવસમાં સંસદમાં રજુ થનારા નવા ઈન્કમટેકસ વિધેયક વિશે તેઓએ કહ્યુ કે તેમાં કોઈ નવા ટેકસ નહીં હોય અને આગામી એપ્રિલથી લાગુ થઈ જશે, આ વિધેયક સંપૂર્ણ નવુ હશે તેમાં નવા ટેક્સ કે કરમાં બદલાવ નહીં હોય પરંતુ કરમાળખામાં ધરખમ બદલાવ હશે અને સરળ-પારદર્શી હશે.

## મહાકુંભ ભાગદોડ એક ષડયંત્ર : યોગીનો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, લખનૌ**

મહાકુંભમાં તા.૨૯ જાન્યુઆરીના સર્જાયેલી ભાગદોડ તથા ૩૦થી વધુ શ્રદ્ધાળુઓના મોતમાં હવે ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથે આ ભાગદોડ એક ષડયંત્ર જ હોવાનું જાહેર કરાશે. જે કોઈ દોષીત હશે તેની સામે આકરા પગલા લેવાની જાહેરાત કરી છે.



ભાગદોડના લગભગ એક સપ્તાહ બાદ યોગીએ આ રીતે કરેલી જાહેરાત એ જબરુ આશ્ચર્ય સર્જયુ છે. શ્રી યોગીએ જણાવ્યું કે, આ દુર્ઘટનાની તપાસ માટે સરકારે એક તપાસ પંચની રચના કરી છે અને તેના જે કંઈ તારણ હશે તેના પરથી દોષીતોને શોધીને આકરી સજા કરાશે.

ગઈકાલે ભૂતાનના મહારાજા જીગ્મે વાંગચુંગ સાથે મહાકુંભમાં સ્નાન કર્યા બાદ શ્રી યોગીએ આ જાહેરાત કરી હતી. શ્રી યોગીએ કહ્યું કે, જયારે દેશ અને સમગ્ર વિશ્વ મહાકુંભને એક સફળ આયોજન તરીકે જોઈ રહ્યા છે અને તેને સનાતન ધર્મની એક ઓળખ પણ છે તે સમયે સમગ્ર આયોજનને બદનામ કરવા અનેક લોકોએ નસોપારીથ લીધી છે તેમનો આ આક્ષેપ સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવ ભણી હતો.

જેઓએ આ પ્રકારની ભાગદોડને વહીવટી નિષ્ફળતા ગણાવી હતી. તેઓએ કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે પર પણ પ્રહાર કરતા કહ્યું કે દેશના સૌથી જૂના રાષ્ટ્રીય પક્ષના વડા પણ સંસદમાં બેજવાબદાર વિધાનો કરે છે અને તેમાં અખિલેશ યાદવ સાથે સ્પર્ધા કરીને સૌથી વધુ સનાતન વિરોધી કોણ તે સાબીત કરવા માંગે છે.

## ગાઝાપટ્ટી પર ટ્રમ્પનો ડોળો : અમેરિકી અંકુશમાં લઈ લેશે

### ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુ સાથે વાટાઘાટ બાદ પત્રકાર પરિષદમાં જાહેરાત

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

પનામા નહેર અને ગ્રીનલેન્ડ-દેશ પર દાવો કર્યા બાદ હવે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મધ્યપુર્વમાં પણ ઝંપલાવવા તૈયાર છે અને હાલમાં જ ભીષણ યુદ્ધ બાદ લગભગ તબાહ થયેલા ગાઝા પટ્ટી સંભાળવા તૈયારી બતાવી છે.

શ્રી ટ્રમ્પે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુ સાથે લાંબી દ્વીપક્ષી બેઠક બાદ એક પત્રકાર પરિષદમાં જાહેર કર્યુ કે અમેરિકા ગાઝા પટ્ટી પર અંકુશ લઈ લેશે અને ત્યાં અમેરિકી સૈન્ય તૈનાત કરીને આ ક્ષેત્રને આતંકવાદ-શસ્ત્રો-દારૂગોળાથી મુકત કરાવશે. ઈઝરાયેલના વડાપ્રધાન નેતાનયાહુએ પણ આ અંગે સંમતી આપતા હવે મધ્યપુર્વ સહિતના મુસ્લીમ આરબ રાષ્ટ્રોમાં જબરો ખળભળાટ સર્જાય તેવા સંકેત છે.

અમેરિકામાં રાષ્ટ્રપતિ બન્યા બાદ તેમની કોઈ વિદેશી રાષ્ટ્રવડા સાથેની પ્રથમ મુલાકાત બની રહી છે. ટ્રમ્પે જાહેર કર્યુ કે મધ્યપુર્વમાં લાંબાગાળાની સ્થિરતા શાંતિ માટે આ જરૂરી છે. શ્રી ટ્રમ્પે કહ્યુ કે તમો આ ક્ષેત્રની જવાબદારી સ્વીકારી તેને શસ્ત્રો-દારૂગોળા મુક્ત કરવા માંગીએ છીએ. શ્રી ટ્રમ્પે ગાઝા પટ્ટીમાં ઘેરાયેલા વિનાશ અંગે કહ્યુ કે સમગ્ર ક્ષેત્રને સાફ કરીને નવા આર્થિક વિકાસ માટે અમો કામ કરશુ જેનાથી નવી રોજગારી, વ્યાપાર ધંધાથી તક સર્જાશે.

તેઓએ કહ્યુ કે, ગાઝાપટ્ટીના લોકો કોઈ નવી રોજગારી નવા કામ કરે તેવું અમો ઈચ્છીએ છીએ. ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન યાહુએ પણ આ મુદાને સમર્થન આપીને ખૂબજ મહત્વનું ગણાવ્યુ હતું. તેઓએ કહ્યું કે, લાંબા સમયથી ત્રાસવાદમાં ફસાયેલા આ ક્ષેત્રને અમો નવું ભવિષ્ય આપવા તૈયાર છીએ. અમારા પર અસંખ્ય હુમલા થયા છે અને અનેક ટ્રાયલ- ટ્રીબ્યુનલ પણ આ સમસ્યાનો અંત લાવી શકી નથી. ટ્રમ્પે ગાઝાને સુરક્ષિત કરવા જે જરૂરી હશે તે તપાસ કરાશે તેથી જણાવ્યુ કે, ભવિષ્યમાં હું મધ્યપુર્વ જઈશ ત્યારે ગાઝા-ઈઝરાયેલ અને સાઉદી અરેબિયાની મુલાકાત લેશે. જો કે





અગાઉજ ઈઝરાયેલ ગાઝાના લોકોને મધ્યપુર્વમાં અન્ય દેશોમાં વસી જવા અપીલ કરી હતી. આમ અમેરિકા અને ઈઝરાયેલ સાથે મળીને ગાઝા ક્ષેત્રને ખાલી કરાવે તેવો પણ સંકેત છે અને તેનો ગાઝામાં મોટો વિરોધ થાય તો ફરી અશાંતિ સર્જાઈ શકે છે. બીજી તરફ ટ્રમ્પે ઈરાન અને પેલેસ્ટાઈન પર દબાણ વધારવાનું શરૂ કર્યુ છે અને સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવ અધિકાર પરિષદમાંથી અમેરિકા બહાર નિકળી ગયુ છે અને પેલેસ્ટાઈન માટેની સંયુક્ત રાષ્ટ્ર રાહત કાર્ય એજન્સીમાં પણ અમેરિકી ભંડોળમાં કાપ મુકી દીધા છે.

## અમેરિકાથી આજે પરત આવનારા ૨૦૫ ભારતીયોમાં ૩૩ ગુજરાતી હોવાનો ધડાકો

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતા દુનિયાભરના લોકોને વતન પરત કરવામાં આવશે એવી ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણી પ્રચારમાં વાત કરી હતી. આ પછી તેમણે સત્તા ઉપર આવ્યા બાદ અમેરિકામાં દરોડા પડાવી સેંકડો ઘુસણખોરોને પકડવા શરૂ કરી વતન પરત કરવા કવાયત હાથ ધરી છે.

આ કવાયતના ભાગરૂપે ૨૦૫ ભારતીય ઘુસણખોરોને લઈ એક મીલીટરી વિમાન ટેક્સાસથી ભારત આવવા રવાના થયું છે. સૂત્રોએ જણાવ્યું હતું આ એરક્રાફ્ટ અમૃતસર એરપોર્ટ ઉપર ઉતરાણ હાથ ધરશે.

પંજાબ પોલીસને ઉતરાણ બાદ ઘુસણખોરી કરનાર તમામની પૂછપરછ કરવા માટે, એમાંથી કોઈ વ્યક્તિ વોન્ટેડ હોય તેની સામે કેસ નોંધાયેલા હોય તો તેને કસ્ટડીમાં લેવાની સૂચના આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૫ ભારતીયોમાં ૩૩ તો ગુજરાતના છે જેઓ અમેરિકાથી પાછા આવી રહ્યા છે. આજે બપોરે આ લોકો અમૃતસર આવી પહોંચશે. અમેરિકાથી પાછા મોકલાયેલા ગુજરાતીઓમાં સૌથી વધુ મહેસાણા અને ગાંધીનગરના છે જેમાં મહેસાણા અને ગાંધીનગરમાંથી ૧૨-૧૨ લોકો પરત આવશે. જ્યારે સુરતના ૪ અને અમદાવાદના ૨ લોકો સામેલ હોવાનું ખુલ્યું છે.જ્યારે વડોદરા, ખેડા અને પાટણની ૧-૧ વ્યક્તિ આ વિમાનમાં સામેલ છે. અમેરિકન મીલીટરીનું સી-૧૭ એરક્રાફ્ટ આ ભારતીયોને લઈ સેન એન્ટોનિયો, ટેક્સાસ ખાતેથી ભારતીય સમય અનુસાર પરોઢિયે ત્રણ



કલાકે રવાના થયું છે અને લગભગ ૨૪ કલાકે ભારત પહોચે એવી ધારણા છે. આ વિમાનમાં ગેરકાયદે ઘુસણખોરી કરનાર મોટાભાગના પંજાબ કે ઉત્તર ભારતના હોય તેવી શક્યતા છે. રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા ત્યારે ભારત વતી વિદેશ મંત્રી એસ જયશંકર હાજર રહ્યા હતા. આ પછી તેમણે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રૂબીયો સાથે બેઠક કરેલી. આ બેઠકમાં એમરિકાએ ભારતીયો દ્વારા અમેરિકામાં ગેરકાયદે થતા પ્રવેશ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ત્યારબાદ, રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ટેલીફોનીક ચર્ચામાં પણ આ મામલે ચર્ચા થઈ હતી.

## શેરબજારમાં તૈયાર કરવામાં એકટીવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં સમગ્ર દેશમાં ગુજરાત નંબર-વન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શેરબજારમાં તૈયાર કરવામાં એકટીવ ઈન્વેસ્ટરોની સંખ્યામાં સમગ્ર દેશમાં ગુજરાત નંબર-વન જાહેર થયુ છે. નેશનલ સ્ટોક એકસચેંજના રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં નોંધાયેલા ઈન્વેસ્ટરોમાંથી ૫૦ ટકા એકટીવની શ્રેણીમાં છે.

અર્થાત નિયમીત રીતે માર્કેટમાં તૈયાર કરે છે.મહારાષ્ટ્રમાં એકટીવ ઈન્વેસ્ટરો ૪૦ ટકા તથા ઉતર પ્રદેશમાં ૩૨ ટકા છે.ગુજરાતના ઈન્વેસ્ટરોનાં ટર્નઓવરમાં મોટો વધારો છે. ૨૦૧૪ માં કેશ માર્કેટમાં ગુજરાતના ઈન્વેસ્ટરોનુ ટર્નઓવર ૩.૨ લાખ કરોડ હતું. તે ૨૦૨૪ માં વધીને ૨૩.૫ લાખ કરોડે પહોંચ્યુ હતું.

૨૦૨૪ માં માત્ર અમદાવાદમાં જ ઈન્વેસ્ટરોએ ૭.૯ લાખ કરોડના કેશ માર્કેટમાં વેપાર કર્યા હતા અને દેશનો સૌથી વધુ વેપાર કરનાર ત્રીજા નંબરનો જીલ્લો બન્યો હતો. સુરત પણ ટોપ-૧૦ માં સામેલ હતું. સૌથી વધુ ટર્નઓવર ધરાવતા જીલ્લાઓમાં આઠમું સ્થાન હાંસલ કર્યું હતું.

મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧.૭૯ કરોડ ઈન્વેસ્ટરો છે પરંતુ એકટીવની વ્યાખ્યામાં ૭૧.૧ લાખ જ છે. ગુજરાતમાં ૯૬.૮ લાખમાંથી ૪૭.૯ લાખ એકટીવ છે. ઉતર પ્રદેશમાં ૧.૨૩ કરોડમાંથી ૩૯.૯ લાખ ઈન્વેસ્ટરો એકટીવ છે. દેશના કુલ એકટીવ ઈન્વેસ્ટરોમાંથી ૪૦.૪ ટકા માત્ર મહારાષ્ટ્ર, ગુજરાત તથા ઉતર પ્રદેશનાં છે. જેમાં મહારાષ્ટ્રનું યોગદાન ૧૮.૧ ટકા, ગુજરાતનું ૧૨.૨ ટકા તથા ઉતર પ્રદેશનું ૧૦.૫ ટકા છે.

ગુજરાત એકમાત્ર એવુ રાજય છે જેના ત્રણ શહેરો એકટીવ ઈન્વેસ્ટરોની



સૌથી વધુ સંખ્યા ધરાવતા ટોપ ૧૦ શહેરોમાં સામેલ છે. અમદાવાદ ૧૦.૬ લાખ એકટીવ ઈન્વેસ્ટરો સાથે ત્રીજા, સુરત ૭.૯ લાખ એકટીવ ઈન્વેસ્ટરો સાથે પાંચમા તથા રાજકોટ ૪.૩ લાખ એકટીવ ઈન્વેસ્ટરો સાથે આઠમા સ્થાને છે. ટોપ-૧૦ માં પુના, જયપુર, કોલકતા, હૈદરાબાદ જેવા શહેરો પણ સામેલ છે.શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે ગુજરાતીઓ દાયકાઓથી શેરબજાર સાથે સંકળાયેલા છે અને વર્ષો વર્ષ સંખ્યા વધતી રહી છે.હવે યુવા વર્ગ તથા મહિલાઓ પણ દાખલ થતાં સંખ્યામાં મોટો વધારો છે.

૨૦૨૪ નાં વ્યકિતગત રોકાણકારોના ૨૫.૭ લાખ કરોડના ટર્નઓવર સાથે મુંબઈ મોખરે હતું. દિલ્હી ૨૧.૩ લાખ કરોડના ટર્નઓવર સાથે બીજા ક્રમે હતું.અમદાવાદનાં ઈન્વસ્ટરોનું ટર્નઓવર ૭.૯ લાખ કરોડ હતું ૨૦૧૪ માં અમદાવાદનું ટર્નઓવર ૧.૨ લાખ કરોડ જ હતું.

# ગુજરાત પોલીસના સુપરકોપ ગણાતા IPS અભય ચુડાસમાનું સ્વૈચ્છિક રાજીનામું

## ઓક્ટોબર માસમાં જ નિવૃત્ત થવાના હતા : સરકારે હજુ રાજીનામાનો સ્વીકાર કર્યો નથી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાત આઈપીએસ લોબીમાં સુપરકોપ ઓફિસર તરીકે ઓળખાતા આઈપીએસ અભય ચૂડાસમાએ તેની નિવૃત્તિના છ માસ પૂર્વે જ સ્વૈચ્છિક રાજીનામું ધરી દેતા અનેક ચર્ચાઓએ જોર પકડયું છે. સોમવારે ચુડાસમાએ આ રાજીનામું રાજ્યના પોલીસવડાને સુપ્રત કર્યું હતું. ત્યારે હજુ સરકાર દ્વારા આ રાજીનામું સ્વીકારવામાં આવ્યું ન હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે વહેલુ રાજીનામું આપવા પાછળના અનેક કારણો પર ચર્ચાએ જોર પકડ્યું છે.

અભય ચુડાસમા ગુજરાત પોલીસના સુપરકોપ કહેવાય છે અને તેઓ ગુજરાત પોલીસના અનેક મહત્ત્વના કેસ સાથે જોડાયેલા હતા. અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસ હોય કે અન્ય મહત્ત્વના કેસ તેમણે ઉકેલવામાં મહત્ત્વની જવાબાદરી



નિભાવી છે. છેલ્લા ઘણા સમયથી તેઓ સાઈડ પોસ્ટિંગમાં હતા અને તેમને મહત્ત્વની પોસ્ટિંગ મળશે તેવી અટકળો પોલીસબેડામાં હતી, ત્યારે તેમણે અચાનક રાજીનામું આપી દેતા તમામ અટકળોનો અંત આવ્યો છે. હવે પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ તેઓ ગુજરાતના બીજા ઈડ્જ અધિકારી હશે જેમણે તાજેતરમાં રાજીનામું આપ્યું છે. અભય ચુડાસમા ઓક્ટોબર મહિનામાં નિવૃત્ત થવાના હતા. પરંતુ, વય નિવૃત્તિના સાત મહિના પહેલાં જ કોઈ કારણોસર સ્વૈચ્છિક રાજીનામું આપ્યું છે. એક મહિના પહેલાં જૂનાગઢના એસપી હર્ષદ મહેતાએ પણ સ્વૈચ્છિક રાજીનામું આપી દીધું હતું જે સરકારે મંજૂર પણ કર્યું હતું. સુરેન્દ્રનગરના વઢવાણમાં કારડિયા રાજપૂત સમાજના શૈક્ષણિક સંકુલના ખાતમુહૂર્તના કાર્યક્રમમાં ઈડ્જઅભય ચુડાસમા રાજકારણમાં કારડિયા સમાજના સ્થાનને લઈ નિવેદન આપી ચર્ચામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, મારે ડિપાર્ટમેન્ટમાં લગભગ ૩૪ વર્ષ પૂરાં થવા આવ્યાં. આજ દિન સુધી કદી એવું નથી બન્યું કે કોઈપણ સરકારમાં આપણા એક મિનિસ્ટર ન હોય, પણ છેલ્લી ૨ ટર્મથી બની રહ્યું છે. કારણની અંદર ઊતરો તો તરત જ ખબર પડશે.

# ગોંડલના શેમળા પાસે ફેક્ટરીમાં ઈલેક્ટ્રિશિયનના મોત મામલે ચાર સામે ગુનો નોંધાયો

## યુવક રીપેરીંગ કામ કરી રહ્યો હતો છતાં બેજવાબદાર લોકોએ મોટર ચાલુ કરતાં તેનું માથું દરવાજા અને દિવાલ વચ્ચે ફસાઈ જતાં મોત નિપજ્યું હતું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની ભાગોળે શામળા ખાતે આવેલા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં એક ફેક્ટરીમાં ઓટોમેટીક દરવાજાનું સેન્સર અને મોટર કામ કરતી ન હોવાથી ઈલેક્ટ્રિશિયન યુવક કામ કરવા માટે ગયો હતો. આ યુવક ઉપર ચડીને મોટર રીપેર કરી રહ્યો હતો ત્યારે ભેજવાબદાર લોકોએ મોટર ચાલુ કરતા યુવકનું માથું દરવાજા અને દિવાલની વચ્ચે ફસાઈ ગયું હતું જેના કારણે તેનું મોત નીપજ્યું હતુ આ મામલે ગોંડલ તાલુકા પોલીસે ચાર લોકો સામે ગુનો દાખલ કર્યો છે.શેમળા પાસે આવેલ માધવ ટેક્સસ્પીન કંપનીમાં ગઈકાલે સવારે બનાવ ભનેલો હતો. મૃતક શૈપરામ માતાપ્રસાદ યાદવ(ઉ. વ. ૩૧)ના ભાઈની ફરિયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે કેપનીમાં કામ કરતા શીવશંકર કુમાર સીંધ, દિપકકુમાર ચૌધરી, મુકેશકુમાર કુસવાહા અને સિક્યુરિટી ગાર્ડ અશોક કારભારી સામે ગુનો નોંધ્યો છે. હરિયાદમાં રાધવરામ માતાપ્રસાદ યાદવ (ઉં.વ.૩૩, રહે. હાલ અમદાવાદ શ્વેતા એપાર્ટમેન્ટ સુભાષ ચોક હાટકેશ્વરની બાજુમાં ખોખરા અમરાઈવાડી મુળ રહે. મહમદપુર બનગીરી તા. જી. સુલતાનપુર, ઉત્તરપ્રદેશ)એ જણાવ્યું કે, હું જી.ડી.એસ. સિક્યુરિટી ગાર્ડ તરીકે અમદાવાદ ખાતે આવેલ આઈઆઈએમ ઈન્સ્ટીટયુટ સંસ્થામાં ગાર્ડ તરીકે ફરજ ભજાવું છું. હું મારા પરે હતો તે દરમ્યાન મને અમારા સંબંધી રોહીતભાઈ પાદવનો ફોન આવેલ કે, રોપરામ ક્યાં કામ કરે છે? મેં કહ્યું કે, ગોંડલ પાસે માધવ ટેક્સસ્પીન કંપનીમાં કામ કરે છે. તેઓએ કહેલ કે, કંઈક બનાવ બનેલ છે. જેથી તમે તપાસ કરો. મેં મારા ભાઈ શેપરામને બે-ત્રણ વાર ફોન કરેલ પરંતુ ફોન રીસીવ થયેલ નહીં. દરમિયાન મને કોઈ અજાણ્યા નંબર પરથી ફોન આવેલ. પોલીસ તરીકેની ઓળખ આપી શેષરામ બાબતે વાતચીત કરતા મેં શેષરામ મારા ભાઈ હોવાનુ જણાવતા તેઓએ મને જણાવેલ કે તમારા ભાઈ શ્રેષરામ તથા મુકેશકુમાર તથા હેમ્પર દિપકકુમાર તથા શીવશંકર કુમાર એમ ચારેય જણા લોખંડનો મુખ્ય ગેઈટના ઈલેક્ટ્રોનીક સેન્સર વાળા દરવાજાની ઈલેક્ટ્રોનીક મોટર રીપેર કરતા હોય તે દરમ્યાન અકસ્માતે દરવાજા તથા દિવાલ વચ્ચે શેષરામનું માથુ આવી જતા તેમનું મોત થયું છે.



વધુમાં રાધવરામે જણાવ્યું કે, રોષરામનો મૃતદેહ ગોંડલ સરકારી હોસ્પિટલે લઈ જવાયો હતો. હું મારા સગા સંબંધી સાથે ગોંડલ પહોંચેલ. ત્યાં હોસ્પિટલમાં પોલીસ સ્ટાફ તથા માધવ ટેક્સસ્પીન કંપનીના માણસો હાજર હતા. જેમા કંપનીના એચ.આર. સંદિપામાઈ સોનગરા, કંપનીના મેનેજર ક્રીષ્ના મુર્તી શુભયા, શીવશંકર કુમાર સીપ, દિપકકુમાર ચૌધરી, મુકેશકુમાર કુસવાટા બધા હાજર હતા. સંદિપભાઈએ જણાવેલ કે, સવારમાં આશરે નવેક વાગ્યાની આસપાસ શીવશંકરકુમાર સીઘ તથા દિપકકુમાર ચૌધરી તથા મુકેશકુમાર કુસવાહા, શેપરામ એમ બધા કંપનીના મુખ્ય ગેઈટના લોખંડનો ઈલેક્ટ્રોનીક સેન્સરના દરવાજાની ઈલેક્ટ્રોનીક મોટર અને સેન્સર બરાબર કામ કરતુ ન હોય જેથી આ બધા લોકો ઈલેક્ટ્રોનીક મોટર તથા સેન્સર રીપેર કરતા હતા. ચેક કરવા ભુલમાં સિક્યુરિટી ગાર્ડ અશોક કારભારીએ ગેઈટના દરવાજાની ઈલેક્ટ્રોનીક સ્વીચ ચાલુ કરવા જણાવતા તેઓએ ચાલુ કરતા લોખંડનો સેન્સર વાળો દરવાજો રોપરામ કામ કરતા તે ભાજુ આવતા શેષરામનું માથુ દિવાલ તથા દરવાજા વચ્ચે આવી જતા માથાનો ભાગ દબાઈ જતા બનાવ બનેલ હતો. કામ કરતી વખતે શીવશંકરકુમાર સિંધ, દિપકકુમાર ચૌધરી, મુકેશકુમાર કુસવાહાએ કોઈ પણ પ્રકારનું ધ્યાન રાખ્યા વગર આ ત્રણેય લોકોએ પોતાના કામ પ્રત્યે બેદરકારી રાખી સીક્યુરીટી ગાર્ડ અશોક કારભારીને દરવાજાની ઈલેક્ટ્રીક મોટરની સ્વીચ ચાલુ કરવા જણાવતા તેઓએ ભેદરકારી અને લાપરવાહી રાખી હોવાથી તેના વિરુદ્ધ ગોંડલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરી આગળની તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં કાળચક્ર ફરી વળ્યું,એક જ દિવસમાં અપમૃત્યુના ચાર બનાવ પોલીસ દફતરે નોંધાયા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લામાં એક જ દિવસમાં અપમૃત્યુના અલગ અલગ ચાર બનાવમાં ચાર વ્યક્તિઓનું અકાળે મૃત્યુ નીપજ્યું હતું, હાલ પોલીસે અપમૃત્યુના બનાવ મામલે અ.મોતની નોંધ કરી છે.

પ્રથમ અપમૃત્યુના બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર મોરબીના કાલિકા પ્લોટ શેરી નં.૧ માં રહેતા ઉમંગભાઈ નિરંજનભાઈ લખતરીયા ઉવ.૪૧ અને તેમના પિતા માળીયા(મી) ખાતે મીઠાનો વેપાર ધંધો કરતા હોય જે ધંધો આજથી ત્રણ વર્ષ અગાઉ બંધ થઈ જતા તે ધંધો ચાલુ કરવા ઉમંગભાઈ મહેનત કરતા હોય પણ ધંધો ચાલુ થતો ન હોય જે બાબતે મનમાં લાગી આવતા ગઈ તા-૩૧/૦૧ ના રોજ સાંજના સમયે કાલિકા પ્લોટ ખાતે તેમના રહેણાંકમાં ઉમંગભાઈએ પોતાની જાતે ઝેરી દવા પી જતા તેઓને પરિવારજનો દ્વારા સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા જ્યાં દાખલ ચાલુ સારવાર દરમ્યાન ગઈકાલ તા-૦૪/૦૨ ના રોજ ઉમંગભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, સીટી એ ડિવિઝન પોલીસે મૃતકના પત્ની પાસેથી પ્રાથમિક વિગતો મેળવી અ. મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અપમૃત્યુના બીજા બનાવ મામલે મૂળ મધ્યપ્રદેશ રાજ્યના રહેવાસી હાલ મોરબી તાલુકાના રંગપર ગામની સીમમાં કેશવાનંદ મીનરલ્સના કારખાનાની લેબર કોલોનીમાં રહેતા કૈલાશ ભટ્ટુ ડાવર ઉવ.૪૫ ગઈ તા.૩૧/૦૧ના રોજ બપોરના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં ઘરેથી પાવડીયારી જવા માટે નીકળેલ બાદ પરત આવેલ નહી અને જે બાદ તા.૦૩/૦૨ના રોજ મરણ જનારની લાશ કોહવાઈ ગયેલ હાલતમાં તાલુકાના સાપર ગામની સીમ જેતપર રોડ પાવળીયારી પાસે એક્ષોલી સીરામીક સામે રોડની બાજુમાં આવેલ ગંદા પાણી ભરેલ ગટરમાંથી ડુબી ગયેલ હાલતમાં મળી આવી હતી, હાલ તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર મૃત્યુના બનાવની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.જ્યારે ત્રીજા અપમૃત્યુની પ્રાપ્ત વિગતો મુજબ, મૃતક રમેશભાઈ દેવજીભાઈ ઠોરીયા ઉવ-૫૨ રહે-નવા ઈશનપુર તા-હળવદવાળા ગઈ તારીખ-૨૯/૦૧ના રોજ રાત્રીના સાડા સાતેક વાગ્યા વખતે હીરો એચ એફ ડીલક્ષ કંપનીનું મોટર સાયકલ રજી.નં. જીજે-૧૩-એલએલ-૪૩૪૦ વાળુ લઈને ઈશનપુરથી હળવદ જતી વખતે વેગડવાવ હળવદ રોડ ઉપર રાત્રીના અંધારામાં રોડ ઉપર આખલો પ્રાણી આડુ પડતા રમેશભાઈએ મોટરસાયકલની જોરદાર બ્રેક મારી હતી, જેથી મોટર સાયકલ સ્લીપ થતા રમેશભાઈને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા તથા શરીરે છોલછાલ થતા તેઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા, ત્યારે ચાલુ સારવાર દરમ્યાન રમેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ મામલે મૃતક પ્રૌઢના ભાઈ દ્વારા આપેલ વિગતો અનુસંધાને પોલીસે અ. મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે. આ ઉપરાંત અપમૃત્યુના ચોથા બનાવ મામલે મળતી વિગતો અનુસાર હળવદ તાલુકાના જુના દેવળીયા ગામે રહેતા ૩૬ વર્ષીય યુવક કાંતિભાઈ મગનભાઈ દુધાણાએ ગઈકાલે પોતાના ઘરે કોઈપણ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેમનું મૃત્યુ હતું, જેથી તેમની લાશ પીએમ અર્થે હળવદ સરકારી હોસ્પિટલ ખાતે લાવતા પોલીસે અકાળે મૃત્યુના બનાવની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કરમાળ કોટડામાં ખેડૂતોના સિંચાઈ માટેની પાઈપ લાઈન અને કેબલ કોઈએ સળગાવી નાખ્યા : ગુનો દાખલ

## આટકોટ પોલીસ મથકે ખેડૂતે ફરિયાદ નોંધાવી, અજાણ્યા શખ્સની શોધખોળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આટકોટ નજીક આવેલા કરમાળ કોટડામાં ખેડૂતોના સિંચાઈ માટેની પાઈપ લાઈન અને કેબલ કોઈએ સળગાવી નાખ્યા હતા. આટકોટ પોલીસ મથકે ખેડૂત નારણભાઈ બાબરીયાએ ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે અજાણ્યા શખ્સની શોધખોળ હાથ ધરી છે. ફરિયાદી નારણભાઈ પુંજાભાઈ બાબરીયા (ઉં.વ.-૬૦, રહે.કરમાળ કોટડા ગામ તા.ગોડલ)એ જણાવ્યું કે, હું ખેતીકામ કરું છું. કરમાળ કોટડા ગામની ખારી તરીકે ઓળખાતી સીમમાં વીસ વીઘા ખેતીની જમીન આવેલ છે. જેમાં પિયત કરવા માટે વાડીની બાજુમાં આવેલ ભાદર નદીમાંથી પાણીનું સિંચાઈ કરવા માટે અમોએ તથા અમારી પાસેના ખેતરના ખેડૂત વિપુલભાઈ દુદાભાઈ ચીરોડીયાએ સહીયારી પ્લાસ્ટીકની પાઈપ લાઈન નાખી છે.

તેવી જ રીતે બાજુમાં ભીમાભાઈ ઘુસાભાઈ ચીરોડીયા, મારા મોટાભાઈ પીઠાભાઈ પુંજાભાઈ બાબરીયાએ પણ પોતાની વાડીમાં પિયત કરવા માટેની પાઈપ લાઈન નાખેલ છે. અમે સબ મર્શિબલ પંપ દ્વારા ભાદર નદીમાંથી વાડી સુધી પાણી પહોંચાડીએ છીએ. ગઈ તા.૩/૨/૨૦૨૫ના રોજ સવારના છ વાગ્યે મારા મોટાભાઈ પીઠાભાઈના દિકરા ચંદ્રેશે મને ફોનથી જાણ કરી કે, વાડીનો પ્લાસ્ટીકનો પાઈપ કોઈકે સળગાવેલ છે.

હું પણ અમારી વાડીની પાણી પાઈપ લાઈન જોવા માટે ગયેલ ત્યારે ભાદર નદીના કાંઠે પાણીથી બહારના ભાગે આવેલ પ્લાસ્ટીકનો આશરે આઠેક ફુટ પાઈપ તથા કેબલ વાયર સળગાવી દીધેલ જોવા મળેલ. ભીમાભાઈ ચીરોડીયાની આશરે આઠેક ફુટ જેટલી પ્લાસ્ટીકની પાઈપ લાઈન તથા કેબલ વાયર સળગાવી દીધેલ હતો. પીઠાભાઈની આશરે બારેક ફુટ જેટલી પ્લાસ્ટીકની પાઈપ લાઈન તથા કેબલ વાયર સળગાવી દિધેલ. મારા ભત્રીજા ચંદ્રેશે મને વાત કરેલ કે, હું શ્રીનાથગઢ લગ્નમાં ગયેલ ત્યાથી રાત્રીના આશરે સાડા



બારેક વાગ્યે અમારી વાડીયેથી નિકળેલ ત્યારે કોઈ બનાવ બનેલ ન હતો. જેથી રાત્રીના આશરે સાડા બારેક વાગ્યાથી વહેલી સવારના છએક વાગ્યા દરમ્યાન કોઈ અજાણી વ્યકિતએ આ પ્લાસ્ટીકની પાઈપ લાઈન તથા કેબલ વાયર આગ લગાડી સળગાવી દઈ આશરે રૂ. ૬ હજારનું નુકસાન કરેલ છે

# વાંકાનેરના નવા રાજાવડલા ગામે જુગારની મહેફિલ માંડી બેઠેલા નવ ઈસમોની અટક

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર સીટી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે નવા રાજાવડલા ગામે રેઈડ કરી તીનપત્તીનો જુગાર રમતા નવ પત્તાપ્રેમીઓને ઝડપી લઈ તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેર સીટી પોલીસ મથકના પો.કોન્સ દર્શીતભાઈ વ્યાસને ખાનગીરાહે મળેલ બાતમીને આધારે નવા રાજાવડલા ગામમા રેઈડ કરતા જ્યાં ગામમાં આવેલ મફતીયાપરામાં લાઈટના અજવાળે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા વાહીદભાઈ અમીભાઈ વડાવીયા ઉવ.૪૦ રહે.જુના રાજાવડલા, રમેશભાઈ અમુભાઈ સારલા ઉવ.૩૬ રહે.નવા રાજાવડલા, રફીકભાઈ હસનભાઈ વડાવીયા ઉવ.૩૮ રહે.જુના રાજાવડલા, નઝરૂદીનભાઈ જીવાભાઈ કડીવાર ઉવ.૪૭ રહે.ગામ ધીયાવડ



તા.વાંકાનેર, ફિરોજભાઈ મામદભાઈ શેરસીયા ઉવ.૪૦ રહે.જુના રાજાવડલા, રફીકભાઈ અબ્દુલભાઈ શેખ ઉવ.૩૩ રહે. જુના રાજાવડલા, અબ્દુલભાઈ વલીમામદભાઈ બાદી ઉવ.૪૨ રહે.અરણીટીંબા તા.વાંકાનેર, પ્રવિણભાઈ મનસુખભાઈ કુકાવા ઉવ.૩૨ રહે.નવા રાજાવડલા તથા મહેબુબભાઈ આમદભાઈ શેરસીયા ઉવ.૪૨ રહે. જુના રાજાવડલા તા.વાંકાનેર એમ કુલ ૯ ઈસમોને પકડી લેવામાં આવ્યા હતા, પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા ૪૧,૩૦૦/- કબ્જે કરી નવેય આરોપીઓ વિરુધ્ધ જુગારધારા મુજબ ગુનો રજીસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવી છે.

# જામનગર ખાતે રેન્જ આઈજી દ્વારા ઓક્સિજન પાર્કમાં વૃક્ષારોપણ કારાયું



જામનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ અને પબ્લિક માટે ઓક્સિજન પાર્કનું નિર્માણ થશે. જામનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે ઈઉત્રઈ બેન્કના સાહિયારે ગો ગ્રીન કોન્સેપટ અનુરૂપ પોલીસ અને પ્રજા માટે ઓક્સિજન પાર્ક ઉભું કરવામાં આવશે છે જેને લઈ રેન્જ આઈજી અશોક યાદવ દ્વારા જામનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ સહિત ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. જે રીતે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા હાલ ઉદભવી રહી છે તેને જોતા ગયા વર્ષે પણ રેન્જમાં ૩ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું અને રેન્જ આઈજી દ્વારા લોકોને પણ પોતાને ત્યાં વૃક્ષ વાવવાની અપીલ કરવામાં આવી હતી. આશરે ૨૫ હજાર વૃક્ષો નું વાવેતર અહીં કરવામાં આવ્યું છે જેને મિયાવાકી પદ્ધતિ દ્વારા માવજત કરવામાં આવશે.

# જામનગરમાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો



જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટુકડીએ ચોક્કસ બાતમીના આધારે સિદ્ધાર્થ નગરમાં એક બંધ રહેણાંક મકાન પર દરોડો પાડયો હતો, અને મકાનમાંથી રૂપિયા દોઢ લાખની કિંમત નો ૨૨૮ નંગ ઈંગ્લીશ દારૂની બોટલનો જથ્થો કબજે કર્યો છે, જ્યારે દારૂના ધંધાર્થીને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે. આ દરોડાની વિગત એવી છે કે જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, હરિયા કોલેજ રોડ ઉપર સિદ્ધાર્થ નગર વિસ્તારમાં રહેતા ધર્મેન્દ્ર રસિકભાઈ ગોહિલ નામના એક શખ્સ દ્વારા પોતાના ઘરમાં બહારથી ઈંગ્લિશ દારૂની બાટલીનો મોટો જથ્થો ઉતારવામાં આવ્યો છે અને તેનું ખાનગીમાં વેચાણ કરી રહ્યા છે. જે બાતમીના આધારે ગઈકાલે રાત્રે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ઉપરોક્ત મકાન બંધ હોવાથી એલસીબીની ટુકડીએ તે બંધ મકાનને ખોલાવીને અંદર ચકાસણી કરતાં મકાનમાંથી ૨૨૮ નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો.આથી પોલીસે રૂપિયા ૧ લાખ ૪૭ હજારની કિંમતનો ઈંગ્લિશ દારૂની બોટલનો જથ્થો કબ્જે કરી લીધો છે, જ્યારે મકાન માલિક ધર્મેન્દ્ર ગોહિલ નાસી છૂટ્યો હોવાથી તેને ફરાર જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

# માળીયા મિયાણાના વવાણીયામા મિત્રોએ જ યુવાનને ગોળી ધરબી દીધી હોવાનો ધડાકો

## બાઈક સ્લીપ થવાથી નહીં પણ શિકારમાં ઝઘડો થતા ફાયરિંગ કરાયું હતુંઃ રહસ્યમય બનાવમાં માળીયા મિયાણા પોલીસે ભેદ ઉકેલી નાખ્યોઃઆરોપીની ધરપકડ



મોરબીથી માળીયા મિયાણા તાલુકાના વવાણીયા ગામની સીમમાં મિત્રો સાથે શિકાર કરવા માટે ગયેલ મોરબીના યુવાનનું બંદૂકની ગોળી લાગી જતા મૃત્યુ થવાના કિસ્સામાં પહેલા બાઈક સ્લીપ થતા ગોળી છૂટવાથી યુવાનનું મૃત્યુ થયાનું ખુલ્યા બાદ આ બનાવમાં શિકાર બાબતે માથાકૂટ થતા બે મિત્રોએ ઝઘડો કરી યુવાનને ગોળી ધરબી દીધી હોવાનો રહસ્ય સ્ફોટ થયો છે,આ ઘટનામાં આરોપીઓ ઝડપાઈ ગયા છે. બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબીના મહેન્દ્રપરા શેરી નંબર ૧૦મા રહેતા ડિસ કેબલના ધંધાર્થી ગુલામહુસેન અબ્દુલભાઈ પીલુડિયા ઉ.૬૨ નામના વૃધ્ધે માળીયા મિયાણા પોલીસ મથકમાં આરોપી અસલમ ગફરભાઈ મોવર રહે.વાવડી રોડ અને જાવેદ ઉર્ફે જાવલો હાજીભાઈ જેડા રહે.માળીયા મિયાણા વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જાહેર કર્યું હતું કે, ગુલામહુસેનભાઈનો પુત્ર વસીમ તેના બન્ને મિત્રો સાથે તા. ૨ના રોજ વવાણીયા ગામની સીમમાં શિકાર કરવા ગયા હતા. વધુમાં ત્રણેય મિત્રો શિકાર કરવા ગયા ત્યારે આરોપી અસલમે બાવળની ઝાડીમાં છુપાવેલ બંદૂક કાઢી હતી અને શિકારની રાહમાં હતા ત્યારે શિકાર આવી જતા મૃતક વસીમને શિકાર કરવા બાબતે અસલમ અને જાવેદ ઉર્ફે જાવલા સાથે બોલાચાલી બાદ ઝઘડો થતા આરોપી જાવેદ ઉર્ફે જાવલાએ દેશી બંદૂકમાંથી વસીમ ઉપર ફાયરિંગ કરતા વસીમનું મૃત્યુ નીપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે, તા.૨ના રોજ રાત્રીના સમયેબનેલી આ ઘટનમાં પ્રથમ શિકાર કરવા જતાં સમયે બાઈક સ્લીપ થતા બંદૂકમાંથી ફાયરિંગ થઈ જતા વસીમ પીલુડિયાનું ગોળી વાગતા મૃત્યુ થયાનું ખુલ્યું હતું. જો કે પોલીસે સઘન તપાસ કરતા બનાવ હત્યાનો હોવાનું સામે આવતા શિકાર કરવા સાથે ગયેલા મિત્રોએ જ હત્યા કર્યાનું સામે આવતા બન્ને વિરુદ્ધ હત્યા અંગે ફરિયાદ નોંધાઈ છે. બંને આરોપીઓ ઝડપાઈ ગયા છે.

# મોરબીમાં ચા. મ. મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ દ્વારા મોઢેશ્વરી માતાજીના પાટોત્સવ નિમિતે નવચંડી યજ્ઞ અને સમૂહ જ્ઞાતિભોજનનું આયોજન

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શ્રી ચા. મ. મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ દ્વારા માતંગી માઁ મોઢેશ્વરીના પાટોત્સવ નિમિત્તે તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ જ્ઞાતિની વાડી સાવસર પ્લોટ ખાતે નવચંડી યજ્ઞ અને સમૂહ જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્વાન શાસ્ત્રી આશિષભાઈ મહેતા આ યજ્ઞમાં આચાર્ય પદે સેવા આપશે.

મોરબીના શ્રી ચા. મ. મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ મંડળ દ્વારા માતંગી માઁ મોઢેશ્વરી પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞ અને સમૂહ જ્ઞાતિ ભોજનનું આયોજન કરાયું છે. સંવત ૨૦૮૧, મહાસુદ-૧૩ તા.૧૦ ફેબ્રુઆરીના શુભ દિવસે આ પવિત્ર કાર્યક્રમ યોજાશે. આ નવચંડી યજ્ઞ વિદ્વાન શાસ્ત્રી આશિષભાઈ મહેતા દ્વારા સંપન્ન કરાશે. યજ્ઞના કાર્યક્રમ મુજબ સવારે ૭:૪૫ કલાકે શ્રી મોઢેશ્વરી માતાજીનું પૂજન થશે, બપોરે ૧૨:૦૦ કલાકે બીડું હોમવામાં આવશે, તેમજ જ્ઞાતિ ભોજનનું આયોજન સવારે ૧૧:૩૦ કલાકથી શરૂ થશે.

આ સમારંભ જ્ઞાતીની વાડી, ૧૦/૧૧ સાવસર પ્લોટ, મોરબી ખાતે યોજાશે. યજ્ઞમાં યજમાન તરીકે બેસવા ઈચ્છુક જ્ઞાતિજનો માટે રૂ. ૫,૧૦૦ નું યોગદાન નક્કી કરવામાં આવ્યું છે.

જેઓ યજમાન પદે બેસવા ઈચ્છતા હોય તેઓ તા. ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં જ્ઞાતિ કાર્યાલયમાં નોંધણી કરાવી શકે છે. આ સાથે આ પાવન અવસરે માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા, યજ્ઞનારાયણના દર્શન તથા મહાપ્રસાદનો લાભ લેવા મંડળ દ્વારા જ્ઞાતિજનોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જામનગરમાં પોલીસે હેલમેટના અમલીકરણ અંગે ખાસ ડ્રાઈવ યોજી





જામનગરમાં પોલીસે હેલમેટના અમલીકરણ અંગે સમર્પણ સર્કલ નજીક ખાસ ડ્રાઈવ કરી હતી. જેમાં વાહનચાલકોને હેલમેટના ફાયદાની સમજણ આપી હતી. આગામી દિવસોમાં હેલમેટ ન પહેરવા સબબ દંડની વસૂલાત કરાશે. જામનગર પોલીસ દ્વારા હેલ્મેટ અમલીકરણ અંગે એએસપી અક્ષેશ એન્જિનિયર તથા ટ્રાફિક પી.આઈ. ગજ્જર તથા આરટીઓ ઈન્સ્પેક્ટર એચ.કે.પ્રજાપતિ સહિતના અધિકારીઓ દ્વારા સમર્પણ સર્કલ નજીક હેલ્મેટ ડ્રાઈવ કરવામાં આવી હતી. જેમાં વાહનચાલકોને હેલમેટના ફાયદા અંગે માહિતીગાર કરવામાં આવ્યા હતાં. આગામી દિવસોમાં હેલમેટના નિયમના ભંગ સબબ પોલીસ દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# મોરબીના લાલપર ગામે તીનપત્તીનો જુગાર રમતા બે પત્તાપ્રેમીઓ પકડાયા

મોરબી તાલુકાના લાલપર ગામે ત્રિવેણી મોઝેક ટાઈલ્સના કારખાના સામે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીના જુગારની બાઝી માંડી બેઠેલા બે ઈસમોને મોરબી તાલુકા પોલીસ ટીમે ઝડપી લીધેલ છે, પોલીસની રેઈડ દરમિયાન પકડાયેલ આરોપીઓમાં ઈમરાનભાઈ કાદરભાઈ મોટલાણી રહે.મોરબી વીસીપરા તથા દિનેશભાઈ મોહનભાઈ ઠોરીયા રહે.લસલપર ગામ વિશાલદીપ પાછળ એમ બંને આરોપીઓ પાસેથી પોલીસે રોકડા રૂ.૧૧,૫૦૦/- કબ્જે કર્યા હતા, આ સાથે પોલીસે બન્ને વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફરી ઠંડીનો ચમકારોઃ ૨ થી૩ ડિગ્રી તાપમાન ગગડ્યું

■ નલિયામાં ૯.૮, ભુજ અને રાજકોટમાં – ૧૩, દિવ અને ડિસામાં – ૧૦ ડિગ્રી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે ફરી સવારનાં ભાગે તિવ્રઠંડીનો ચમકારો અનુભવાયો હતો. અને તાપમાન ૨ થી ૩ ડિગ્રી નિચુ ઉતરી ગયુ હતું.આજે સવારે નલિયામાં ૯.૮, ભુજમાં ૧૩.૯, અને કંડલા ખાતે ૧૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

જયારે રાજકોટમાં આજે સવારે ૧૩.૪, અમદાવાદમાં ૧૧.૪, અમરેલીમાં ૧૪, વડોદરામાં ૧૨.૨, ભાવનગરમાં ૧૫.૪, દમણમાં ૧૬.૬, ડિસામાં ૧૦.૯, અને દિવમાં પણ આશ્ચર્ય જનક રીતે ૧૦.૫ ડિગ્રી, સાથે તિવ્ર ઠંડી અનુભવાઈ હતી.

દ્વારકામાં ૧૭.૬, ગાંધીનગરમાં ૧૦.૫, પોરબંદરમાં ૧૪.૮, અને વેરાવળ ખાતે ૧૬.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.ઉપરાંત જામનગર શહેરમાં આજે લઘુતમ તાપમાનનો પારો ૩.૮ ડિગ્રી નીચે સરકીને ૧૧.૮ ડિગ્રી પહોંચી ગયો હતો.જેની સાથે પવનની ગતિમાં ૨ કિમીનો વધારા સાથે પ્રતિકલાક ૫.૭ કિમિ ઝડપ નોંધાઈ છે.

જેનાથી ફરી એકવાર શહેરીજનો ઠડીનો ચમકારનો અહેસાસ થયો હતો. એટલું નહિ કબાટમાથી ગરમ વસ્ત્રો ટોપી,મફલર,સ્વેટર,ઝાકીટ પહેરવાની ફરજ પડી હતી.

# રાજકોટના વોર્ડ નં ૧૫ના લોક પ્રશ્નોને વાંચા આપવા નિંદ્રાધિન અવસ્થામાં બેઠેલા તંત્રને જગાડવા કોંગ્રેસના મૌન ધરણા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના વોર્ડ નંબર ૧૫ ના લોકપ્રસ્થને આજે કોંગ્રેસ દ્વારા મૌનધરણા કાર્યક્રમ યોજાયો હતો

જેમાં મહત્વના મુદ્દાઓ ૧.તારીખ ૧૦/૦૨/૨૦૨૫ શુક્રવારે રાજકોટ મહાનગરપાલિકા સેન્ટર જોન ખાતે ઈનવર્ડ નં ૭૦૮૨ . રાજકોટ મહાનગરપાલિકાની ગાર્ડન શાખાની સિમિત જગ્યા પર મેટલીગ કામ કરી આર.સી.સી.ફોલ્ડીંગ દિવાલ બનાવવા આવી તેનો હેતુ દર્શાવા અને આ જગ્યા પર તા ૧૪/૦૧/૨૦૨૫ નાં રોજ કાર્યક્રમ થવા જઈ રહ્યો છે તેની પરમીશન કોણે અને કઈ શરતો પર આપી તેના સંદર્ભમાં લેખીતમાં રજૂઆત કરવા છતાં કેમ તપાસ કરીને જવાબ આપવામાં આવ્યો નહિ. ૨.રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાત્રી સફાઈ દરમિયાન ઉપયોગમાં લેવામાં દસ નવા ટીપર ટ્રકની ખરીદી કરવામાં આવી તે એક ટ્રકની મુળ ખરીદી કિંમત તેમજ ટોટલ દસ નવા ટિપર ટ્રકની ચુકવણી કરેલ કિંમતની ટુંકમાં તા ૧૭/૧૦/૨૦૨૪ નાં રોજ જાહેર માહિતી અધિકારી નિયમ હેઠળ આઈ ડી ક્રમાંક ૦૧૧૩૭ માહિતી મા માંગવામાં આવી તેમાં સંતોષજનક જવાબ ન મળતા તા.૧૦/૧૨/૨૦૨૪ ના રોજ રાજકોટ મહાનગરપાલિકા સેન્ટર જોન ખાતે ઈનવર્ડ નં ૫૮૮૬ લેખીતમાં ટુંકમાં રજૂઆત કરવામાં આવી તેનો પણ અત્યારે સૂધી કેમ કાંઈ જવાબ આપવામાં આવ્યો નહિ.

૩ ઢોર ડબ્બામાં ૭૫૬ ગાયો મૃત્યુ પામેલા તેના સંદર્ભમાં અનેક વખત લેખીતમાં આવેદનપત્ર અને રજૂઆત કરવામાં આવી તેમજ કોર્પોરેટ દ્વારા જનરલ બોર્ડમાં પ્રશ્નો પુછવામાં આવે તેમ છતાં પણ આ બાબતે વિઝિલિયન તપાસ હાથ ધરવામાં આવી નથી.૪.વોર્ડ નં ૧૫ માં આવેલ શાળા નં ૯૯ ભાડાની જગ્યા પર ચાલે અને ત્યાં આજુબાજુના વિસ્તારમાં એક પણ આંગણવાડી પણ નથી તેના અનુસંધાને અનેક વખત લેખીતમાં રજૂઆત સાથે માંગણી કરવામાં આવી કે મહાનગરપાલિકાની જગ્યા પર શાળા બનાવી આપવામાં આવે અને તેની આસપાસના બે નવી આંગણવાડી બનાવી આપવામાં આવે તેનો પણ આજ દિવસ સુધી કોઈ જવાબ કેમ આપવામાં આવ્યો નહિ.૫.રાજકોટ શહેરને સ્માર્ટ સિટી તરીકે દર્શાવવામાં આવી રહ્યું છે ત્યારે ખોખડદળ નદીના પુલ નીચે થી વેલનાથ જડેશ્વર તરફ પસાર થતા રસ્તા બાબતે અનેક રજૂઆત કરવામાં આવી તેને કેમ ધ્યાનમાં લેવામાં આવતી નથી.આ મુખ્ય મુદ્દાઓ બાબતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લેખીતમાં સંતોષજનક જવાબ આપવામાં આવે તેના અનુસંધાને ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં અતુલભાઈ રાજાણી વશરામભાઈ સાગઠીયા.મકબુલભાઈદાઉદાણી. કોમલબેનભારાઈ.નયનાબાજાડેજા.


(તસ્વીરઃ આનંદ જાવિયા)

મનિષાબા વાળા જસવંતસિંહ ભટ્ટી દિપ્તીબેન સોલંકી.જગદીશભાઈ સાગઠીયા વશરામભાઈ ચાંડપા.હિરાલાલ પરમાર.હિરાભાઈ ચાવડા. મુકેશભાઈ પટેલ. દિનેશભાઈ પરમાર ભીખાભાઈ ચાવડા સાગરભાઈ પરમાર ભીમજીભાઈ વોરા કેશુભાઈ ભોજાણી જગદીશભાઈ મોરી દશરથસિંહ વાઘેલા રામદેવસિંહ વાઘેલા કમાભાઈ વાઘેલા મનોજભાઈ પરમાર રાણાભાઈ સોલંકી કાળુભાઈ સોલંકી ઈશ્વરભાઈ સોલંકી રામજીભાઈ સાગઠીયા કાળુભાઈ બી સોલંકી અમૃતભાઈ ચાવડા દિલીપભાઈ સોલંકી ઈમરાનભાઈ સમા મેઘજીભાઈ રાઠોડ.તમામ આગેવાનો હોદેદારો કાર્યકરો ઉપસ્થિત રહી ધરણા કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સફળ બનાવ્યો હતો

# ૪૦ કરોડની સરકારી જમીનમાં ખડકાયેલા દબાણો પર બુલડોઝર ફર્યા

## મોરબી રોડ ઉપર સાડીનું કારખાનું, દુકાનો, ઓરડીઓ અને નર્સરી સહિતના ગેરકાયદે બાંધકામો ખડકાઈ ગયા



### ભૂમાફિયાઓ સામે લેન્ડ ગ્રેબિંગની કાર્યવાહી કેમ નહીં?

**રાજકોટ જિલ્લામાં અનેક સરકારી જમીનો ઉપર ગેરકાયદે બાંધકામો ખડકાયેલા છે તેને તોડી પાડવાની ઝુંબેશ શરૂ થઇ છે પરંતુ અમુક કોમર્શીયલ બાંધકામો ખડકી દેવાયા છે. તો અમુક સ્થળે ભૂમાફિયાઓલ સરકારી જમીનો ઉપર ગેરકાયદે ઓરડીઓ બનાવી ભાડે આપવાનો ધંધો કરી રહ્યા છે. આવા તત્ત્વો સામે લેન્ડગ્રેબિંગ જેવા કડક પગલા ભરવામાં આવે તો સરકારી જમીન ઉપર કબજા કરી પૈસા કમાવાની પ્રવૃતિને બ્રેક કારી શકાય તેમ છે.**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર પૂર્વના વિસ્તારમાં મોરબી રોડ ઉપર ગ્રીનલેન્ડ ચોકડી થી જૂના જકાતનાકા તરફ જતાં રાજકોટ મોરબી હાઈવે ઉપર આવેલ રેવન્યુ સર્વે નં. ૭૫ પૈકીની સરકારી ખરાબાની જમીન ચો.મી. ૪૦૪૭ એટલે કે એક એકર જેટલી જમીન ઉપર છેલ્લા કેટલાંક સમયથી ખડકાઈ ગયેલા ગેરકાયદેસર દબાણો ઉપર કલેકટર તંત્રએ બુલડોઝર ફેરવી દીધુ હતુ. રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીની દબાણ હટાવ ઝુંબેશના ભાગરૂપે પ્રાંત અધિકારી ચાંદનીબેન પરમાર ના માર્ગદર્શન હેઠળ મામલતદાર રાજકોટ શહેર પૂર્વ એસ.જે.ચાવડા તથા તેમની ટીમ દ્વારા આજરોજ સરકારી પડતર જમીનમાં થયેલ ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જેમાં વિશાળ જગ્યામાં બનાવવામાં આવેલ સાડીનું કારખાનું, ૪ ઓરડીઓ, ચા-પાનની દુકાનો, કારખાનાના મજૂરો માટેના ૪ રૂમો, નર્સરી વિગેરે દૂર કરવામાં આવ્યા અને સરકારી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. સરકારી જમીનોમાં ગેરકાયદેસર રીતે દબાણો કરનાર સામે કાયદેસર રીતે કાર્યવાહી સતત ચાલુમાં રહેશે તેવું મામલતદારની યાદીમાં જણાવવામાં આવેલ છે. હાઈ-વે ઉપર કરવામાં આવેલ આ દબાણો દૂર કરવાની કામગીરીથી ગેરકાયદેસર દબાણ કરનારાઓમાં તથા કહેવાતા મોટા માથાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ દબાણ હટાવમાં સર્કલ ઓફીસર સત્યમભાઈ શેરસીયા, તલાટી ધારાબેન વ્યાસ, આર.એમ.સી.ના જેસીબી, પીજીવીસીએલ સ્ટાફ તથા ચૂસ્ત પોલીસ બંદોબસ્ત દરમ્યાન કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. આ દબાણ હટાવમાં સર્કલ ઓફીસર સત્યમ શેરસીયા, તલાટી ધારાબેન વ્યાસ, આર.એમ.સી.ના જેસીબી, પીજીવીસીએલ સ્ટાફ તથા ચૂસ્ત પોલીસ સ્ટાફ જોડાયો હતો. અને કામગીરી સફળતાપૂર્વક પાક કર્યા બાદ મામલતદારશ્રી ચાવડાએ કલેકટરને રીપોર્ટ કરી દિધો છે.

# ૧.૫૦ લાખથી વધુ વીજગ્રાહકોને લોડ વધારો લેવા નોટિસ : ૧૫ દી'માં કરવાની થશે પ્રક્રિયા

## ઓવરલોડ કનેક્શનને લીધે વીજળી સબંધિત ફરિયાદો વધી

## જરૂરિયાત પ્રમાણે જ ઉપયોગ થાય તો ફરિયાદો ૫૦% ઘટે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ડિસ્ટ્રીકના કુલ ૬૦ લાખથી વધુ વીજગ્રાહકોમાંથી આશરે ૩૫ લાખ ગ્રાહકોના વીજ કનેક્શન ઓવરલોડ હોવાની ચોંકાવનારી બાબતો સામે આવી છે. એટલે સૌરાષ્ટ્રમાં ૩૫ લાખ વીજગ્રાહકો તેના મંજૂર લોડથી વધુ લોડનો વીજ વપરાશ કરી રહ્યા છે. શહેરી વિસ્તારમાં આ રેશિયો ૫૦% હોવાનું અને ગ્રામ્ય વિસ્તારમાં આ રેશિયો ૭૦% હોવાનું પણ જાણવા મળ્યું છે.

આ સમગ્ર મામલે પીજીવીસીએલ દ્વારા ઓવરલોડ કનેક્શન ધરાવતા વીજગ્રાહકોને લોડ વધારો લેવા માટે નોટિસ ફટકારી છે. અત્યાર સુધીમાં રાજકોટ શહેર અને સૌરાષ્ટ્રમાં આશરે ૧.૫૦ લાખથી વધુ વીજગ્રાહકોને નોટિસ ફટકારી લોડ વધારો લેવા જણાવ્યું છે. ગ્રાહકોએ નોટિસ મળ્યાના ૧૫ દિવસની અંદર લોડ વધારો લેવાની કાર્યવાહી કરવાની રહેશે.

સૌરાષ્ટ્રમાં હજુ રહેણાક, ખેતીવાડી, કોમર્શિયલના કેટલા કનેક્શન મંજૂર લોડથી વધુ પ્રમાણમાં વીજલોડ વાપરી રહ્યા છે તેનું પણ પીજીવીસીએલની ટીમ ચેકિંગ કરશે. આગામી સમયમાં ગ્રાહકોને નોટિસનો આંકડો વધી શકે છે. કારણ કે જેમ જેમ પીજીવીસીએલની ટીમ ચેકિંગ કરશે અને ઓવરલોડ કનેક્શન માલૂમ પડશે તેમ તેમ ગ્રાહકોને લોડ વધારો લેવાની નોટિસ અપાશે.

આ ઓવરલોડ કનેક્શનને લીધે વીજળી સબંધિત ફરિયાદો પણ વધી છે. વારંવાર વીજળી ગૂલ થઈ જવી, વોલ્ટેજ વધ-ઘટ થવા, લાઈન ટ્રીપ થઈ જવી, લાઈન કે ટીસી બળી જવા સહિતની ફરિયાદો વધી છે. જો આ તમામ ગ્રાહકો લોડ વધારો લે તો વીજસંબંધી ૪૦થી ૫૦ ટકા ફરિયાદ ઘટી શકે.

# શિયાળાની વિદાય પહેલાં ઠંડીનો ચમકારો અને માવઠાની આગાહી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજયમાં હવામાન વિભાગે ફરી એક વાર માવઠાની આગાહી કરી છે,જેમાં વાતાવરણ અંગે હવામાન વિભાગનું અનુમાન છે કે,ફેબ્રુઆરીમાં કમોસમી વરસાદની શક્યતા રહેલી છે સાથે સાથે સૌરાષ્ટ્ર, કચ્છમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે,આગામી ૭ દિવસ વાતાવરણ શુષ્ક રહેશે આજે અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે સાથે સાથે ફેબ્રુઆરીમાં સામાન્ય કરતા વધુ તાપમાન રહેશે.

રાજયમાં વાતાવારણને લઈ હવામાન વિભાગનું અનુમાન છે કે,ઉત્તર ગુજરાતના ભાગોમાં કમોસમી વરસાદનું સંકટ રહેશે સાથે સાથે રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે જેના કારણે સાયક્લોનિક સર્ક્યુલેશનથી રહેશે માવઠાની અસર સાથે સાથે આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેશે સાથે સાથે હાલ સાયકલોનિક સર્કયુલેશન સિસ્ટમને લઈને અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે,અમદાવાદ લઘુત્તમ ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે,સાથે સાથે આવતીકાલથી ૨-૪ ડિગ્રી ઘટશે સાથે ફેબ્રુઆરી મહિનામાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં કેટલાક જિલ્લામાં છુટા છવાયા હળવા વરસાદની આગાહી રહી છે.

બે દિવસ બાદ ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થવાની શક્યતા છે, જેને પગલે ઠંડીનો પારો ૧૩ ડિગ્રી સુધી ગગડવાની આગાહી કરવામાં આવી છે, જે આ સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઇ શકે એમ છે.

કારણ કે, આ સિઝનમાં અત્યાર સુધીમાં લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીના નીચે ગયું નથી.છેલ્લા બે દિવસથી ઉત્તર ભારતમાં બરફ વર્ષા શરૂ થઈ છે, જેને પગલે તાપમાન ફ્રીઝિંગ પોઇંટ પર છે. આ ઉપરાંત સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ઉત્તર-પૂર્વ દિશા તરફથી બર્ફીલા પવનો ફૂંકાવાના શરૂ થતાં અચાનક તાપમાનમાં મોટો ઘટાડો થતો જોવા મળી રહ્યો છે.

ગુજરાતમાં ફરીથી ઠંડીનો ચમકારો વધશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. બંગાળની ખાડી તરફથી આવતા ભેજવાળા પવન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ છવાયું છે. ત્યારે હવામાન વિભાગે ગુરુવારથી ત્રણ દિવસ ગુજરાતનાં અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ અને કરા પડવાની પણ આગાહી આપી છે. આ સાથે ગરમી વધવાની પણ આગાહી કરી છે.હાલ ગુજરાતમાં ઉત્તરથી ઉત્તર પૂર્વની દિશાના પવન ફૂંકાઈ રહ્યા છે. ત્યારે ગુજરાતમાં ૨૪ કલાક શુષ્ક હવામાન રહેશે.

# સૌરાષ્ટ્રની ૨૫ નગરપાલિકાની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટઃ ૧૭૨૮ ઉમેદવારો મેદાનમાં

## હવે ૬૮૪ સીટ પર તા. ૧૬ ફેબ્રુઆરીએ મતદાન : જુનાગઢમાં સૌથી મોટી તોડફોડ : અમરેલીથી કચ્છ, મોરબી જિલ્લા સુધી રાજકીય દાવપેચ ખેલાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્રની ૨૫ નગરપાલિકાની તા.૧૬ ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણી માટે ગઈકાલે ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ચિત્ર સ્પષ્ટ થયું છે. કુલ ૭૦૪ બેઠક પૈકી ઘણી બેઠકો બિનહરીફ થઈ છે. તો ૯૨ જેટલા ફોર્મ પરત ખેંચાતા ૬૮૪ બેઠક માટે ૧૭૨૮ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. જુનાગઢ મનપામાં ભાજપ મોટુ ઓપરેશન કર્યુ છે.

રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ મહાપાલિકા અને જિલ્લાની ૬ મહાપાલિકા મોરબી જિલ્લામાં પણ ફોર્મ રદ થયા છે અને પરત ખેંચાયા છે. જેમાં ભાજપનો હાથ ઉપર રહ્યો છે.

ભાજપે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૬૮ નગરપાલિકામાં કુલ ૧૯૬ નગરપાલિકાની બેઠકો ચૂંટણી પહેલા વિજય મેવ્યો છે જેમાં ૪ નગરપાલિકામાં બહુમતી કરતાં વધારે બેઠકો પર બિનહરીફ થતા ભચાઉમાં ૨૮માંથી ૨૨ બેઠકો, હાલોલમાં ૩૬માંથી ૧૯ બેઠકો, જાફરાબાદમાં ૨૮માંથી ૧૬ બેઠકો તેમજ બાંટવામાં ૨૪માંથી ૧૫ બેઠકો પર નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીએ બિનહરીફ વિજય પ્રાપ્ત કર્યો છે. તેમજ જુનાગઢ મહાનગરપાલિકાની ૯ બેઠકો અને તાલુકા પંચાયત તેમજ પેટા ચૂંટણીની ૧૦ બેઠકો એમ કુલ મળીને ૨૧૫ બેઠકો પર પાર્ટીએ બિનહરીફ વિજય મેળવ્યો છે. નગરપાલિકા, તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારોના ફોર્મ ચકાસણીના અંતે કેટલીક પાલિકા-પંચાયતમાં ભગવો લહેરાયો હતો. જોકે, મુક્ત-પારદર્શક ચૂંટણી યોજાઈ રહી છે તે મુદ્દે કોંગ્રેસે સવાલ ઉઠાવ્યાં હતા.

જાફરાબાદ નગરપાલિકામાં ધારાસભ્ય હીરા સોલંકીની આગેવાનીમાં દ્વારા નગરપાલિકામાં ૧૬ ઉમેદવારો સત્તાવાર રીતે બિનહરીફ વરણી થઈ છે. બિનહરીફ ચૂંટાયેલા સદસ્યો ધારાસભ્ય હીરા સોલંકીના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ઢોલ-નગારા સાથે ચૂંટાયેલા સદસ્યોના મોં મીઠા કર્યા હતા અને ખુશીનો માહોલ છવાયો હતો. ગઈ ટર્મમાં પૂરી જાફરાબાદ નગરપાલિકા બિનહરીફ કરાઈ હતી.

લાઠીમાં આમ આદમી પાર્ટીના બે મહિલા ઉમેદવારો ઉમેદવારી પાછી ખેંચી લીધી. લાઠીના વોર્ડ નં ૧ રૂબીનાબેન રાઠોડ અને ૩ના બિલ્કિસબેન ખોખર આમ આદમી પાર્ટીના મહિલા ઉમેદવારોએ ફોર્મ પાછું ખેંચી લીધું છે. લાઠી નગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીમાં ભંગાણ જોવા મળી રહ્યું છે. જૂનાગઢમાં મનપામાં કોંગ્રેસના ૬૦ ઉમેદવારોમાંથી ૯ ઉમેદવારોએ ભાજપનાં સમર્થનમાં ફોર્મ પરત ખેંચી લીધા છે. મતદાન પહેલા જ બે વોર્ડના ભાજપના ૮ ઉમેદવારો બિનહરીફ થઈ ગયા છે. વોર્ડ નં.૧૨ના કોંગ્રેસના






ઉમેદવારે ફોર્મ પરત ખેંચી લીધુ છે પરંતુ ત્યાં અન્ય ઉમેદવાર હોવાથી બેઠક બિનહરીફ થઈ નહી. દિલીપ ગલે બક્ષીપંચ બેઠક પર ઉમેદવારીપત્ર ભર્યુ હતું, તેણે પણ ભાજપના સમર્થનમાં ઉમેદવારીપત્ર પરત ખેંચી લીધુ છે.

ફોર્મ ચકાસણી માટેની પ્રક્રિયા પુરી થતા કોંગ્રેસના જે ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા તે તમામ ઉમેદવારના ફોર્મ માન્ય રહ્યા હતા. ફોર્મ માન્ય થઈ ગયા બાદ પરત ખેંચી લેતા રાજકીય ભૂકંપ સર્જાયો છે.

ભચાઉ નગરપાલિકામાં ૨૮ બેઠક પર ચૂંટણી યોજાવાની હતી. ૨૮માંથી કોંગ્રેસના ૨૨ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછું ખેંચી લીધું છે. કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચતા ભાજપના ૨૨ ઉમેદવારો બિનહરીફ થયા છે. ૨૮ બેઠકમાંથી ૨૨ ઉમેદવારો બિનહરીફ થતા હવે ૬ બેઠક પર જ ચૂંટણી યોજાશે.

કોંગ્રેસના ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્ર ખેંચાતા કોંગ્રેસે ચૂંટણી લડયા પહેલા જ પોતાની હાર સ્વીકારી લીધી છે. ચૂંટણી પહેલા જ ભાજપ દ્વારા નગરપાલિકા જીતી લીધી છે.

# ૮૫ હજારનું બૂચ મારનારનો મોબાઈલ ચોરીઃ મહાકુંભમાં બ્લાસ્ટની ધમકી આપી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહાકુંભમાં બ્લાસ્ટની ધમકી આપનાર શખ્સની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગાંધીધામના શખ્સની ધરપકડ કરી છે. આરોપીનું નામ અરુણ જોશી છે અને તે મૂળ મધ્યપ્રદેશનો છે, જે હાલમાં ગાંધીધામના પડાણા વિસ્તારમાં રહે છે અને શાકભાજી તેમજ કરિયાણાની દુકાન ચલાવે છે. મળતી માહિતી અનુસાર, ૮૫ હજારની ટોપી આપનાર ફૈઝુલને હેરાન કરવા અરૂણે કાવતરુ રચ્યુ હતું.

રૂણ જોશીએ યુક્તિપૂર્વક મોબાઈલ મેળવી ધમકી આપી હતી. ગાંધીધામના પડાણાના વેપારીએ છડઝ્રના ડઈને બ્લાસ્ટની ધમકી આપતા દોડધામ મચી હતી. પાકિસ્તાન ઝિંદાબાદના નારા સાથે ધમકી આપી હતી. કુંભમેળા, અમદાવાદ રેલવે સ્ટેશન, એરપોર્ટને ઉડાવીની ધમકી આપવામાં આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપી અરુણ જોશી મૂળ મધ્યપ્રદેશનો છે અને ગાંધીધામનો રહેવાસી છે.

આ ઘટનાની શરૂઆત ત્યારે થઈ જ્યારે અરુણ જોશીએ ફૈઝુલ નામના વ્યક્તિને ૮૫ હજારની ટોપી આપી હતી. જો કે, જેણે ટોપી પહેરાવી તે ટ્રાવેલ્સ બસમાં ફોન ભૂલી ગયેલો હતો. ગુસ્સે ભરાયેલા અરુણ જોશીએ ફૈઝુલને હેરાન કરવા માટે કાવતરું રચ્યું હતું. અરુણ જોશીએ યુક્તિપૂર્વક ફૈઝુલનો મોબાઈલ ફોન મેળવ્યો અને તેમાંથી છડઝ્રના ડઈને પાકિસ્તાન



ઝિંદાબાદના નારા સાથે બ્લાસ્ટની ધમકી આપી હતી. તેણે કુંભમેળા, અમદાવાદ રેલવે સ્ટેશન અને એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી પણ આપી હતી.

આ ધમકીના પગલે પોલીસ દોડધામ મચી ગઈ હતી અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. તપાસમાં આરોપી અરુણ જોશી હોવાનું ખુલતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. હાલમાં પોલીસ આરોપીની વધુ પૂછપરછ કરી રહી છે અને આ ઘટના પાછળના કારણો જાણવાનો પ્રયાસ કરી રહી છે. આ મામલે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતથી મહાકુંભમાં જવા વધુ ત્રણ વિશેષ ટ્રેનો દોડાવાશે

## ૧૩ અને ૨૧મીએ અમદાવાદથી અને ૨૨મીએ વડોદરાથી ઉપડશે, બુકિંગ શરૂ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં મહાકુંભમાં જવા માટે ભાવિકોનો ધસારો જોત ગુજરાતથી પ્રયાગરાજ જવા માટે વધુ ત્રણ વિશેષ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. અને તેનુ બુકિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. પશ્ચિમ રેલવે દ્વારા મહાકુંભ મેળા-૨૦૨૫ દરમિયાન યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં અમદાવાદ-જંઘઈ, સાબરમતી-બનારસ અને વિશ્વામિત્રી-બલિયાની વચ્ચે ત્રણ જોડી મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો જોઈએ તો ૧. ટ્રેન નંબર ૦૯૪૦૫/૦૯૪૦૬ અમદાવાદ- મહાકુંભ મેળા સ્પેશિયલ (૪ ફેરા) ૧૩ અને ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અમદાવાદથી ૨૨:૪૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૪:૩૦ કલાકે પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૦૬ -અમદાવાદ મહાકુંભ મેળા સ્પેશિયલ ૧૫ અને ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ૦૮:૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૮:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે.માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, આગરા ફોર્ટ, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર અને પ્રયાગરાજ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. જયારે ૨. ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ સાબરમતી-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ (૨ ફેરા) ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ સાબરમતી થી ૧૧:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૬:૦૦ કલાકે બનારસ પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૪ બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશિયલ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ બનારસથી ૧૯:૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૦:૩૦ કલાકે સાબરમતી પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, પિંડવાડા, ફાલના, રાની, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, આગરા ફોર્ટ, ટૂંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ અને જ્ઞાનપુર રોડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. આ સિવાય ૩. ટ્રેન નંબર ૦૯૧૩૯/૦૯૧૪૦ વિશ્વામિત્રી-બલિયા મહાકુંભ મેળા સ્પેશિયલ (૦૨ ફેરા) ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ વિશ્વામિત્રીથી ૦૮:૩૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૨૦:૩૦ કલાકે બલિયા પહોંચશે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૧૪૦ બલિયા-વિશ્વામિત્રી મહાકુંભ મેળા સ્પેશિયલ ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ૨૩:૩૦ કલાકે બલિયાથી ઉપડશે અને ત્રીજા દિવસે ૧૦:૦૫ કલાકે વિશ્વામિત્રી પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, શુજાલપુર, સંતહિરદારામ નગર, વિદિશા, ગંજ બાસૌદા, બીના, લલિતપુર, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ઉરઈ, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ, મિર્ઝાપુર, ચુનાર, વારાણસી, જૌનપુર, ઔડિહાર અને ગાઝીપુર સિટી સ્ટેશનો પર રોકાશે. ટ્રેન નંબર ૦૯૧૩૯નો વડોદરા સ્ટેશન પર એક્સ્ટ્રા સ્ટોપેજ હશે. ટ્રેનમાં એસી ૧-ટિયર, એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૪૦૫, ૦૯૪૫૩ અને ૦૯૧૩૯ નું બુકિંગ ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૫થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના રોકાણ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે. શકે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# યુવતીએ આત્મવિલોપનનો પ્રયાસ કર્યા પછી પોલીસે ૯ આરોપીઓ સામે દુષ્કર્મનો ગુનો નોંધ્યો

■ પોલીસ સામે ફરિયાદ ન નોંધવાના આક્ષેપો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગઈકાલે જેતપુર ડીવાયએસપી કચેરી સામે ચોરડીની યુવતીએ ઝેરી દવા પીધી હતી. પોલીસ સામે ફરિયાદ ન નોંધવાના આક્ષેપો કર્યા હતા. ૨૮ વર્ષીય યુવતીએ આત્મવિલોપનનો પ્રયાસ કર્યા પછી ૯ આરોપીઓ સામે ગેંગ રેપનો ગુનો વિરપુર પોલીસ મથકે નોંધાયો છે.

ઝેરી દવા પીધા બાદ યુવતીને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. ભીંસ વધતા પોલીસે ફરિયાદ નોંધવી પડી હતી. ગોંડલ તાલુકાના ચોરડીમાં વાવડીના વીડોમાં રહેતા વલ્લભભાઈ જાદવ ધોળકીયા, ગીતાબેનનો જમાઈ, કિશોર કેશુ ધોળકીયા, અમિત ધોળકીયા, પરેશ ધીરૂ ચૌહાણ, સંદીપ, ગીતાબેન, ગીતાબેનનો પુત્ર, ગીતાબેનની પુત્રી સહિત નવ સામે બીએનએસની કલમ ૧૪૦(૪), ૧૧૫(૨), ૩૫૧(૧,૨,૩) ૬૪(૧) અને ૫૪ મુજબ ગુનો નોંધાયો છે.

યુવતીએ ફરિયાદમાં જણાવાયુ છેકે, વલ્લભ ઉપરાંત એક મહીલા સહિત સાત શખ્સોએ તા. ૨૦/૧૨/૨૪ નાં મારૂ ઘર ભંગાવી નાખવાની ધમકી આપી મારૂ અપહરણ કરી જૂનાગઢનાં દોલતપરા વિસ્તારમાં લઈ જઈ ગોંધી રાખી, જ્યાં આરોપીઓ દ્વારા છેતરીને મૈત્રી કરાર કરાવેલ. છરીની અણીએ દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ.આરોપીઓ વિરુદ્ધ ગુન્હો દાખલ કરવા અંગે વિરપુર પોલીસમાં ફરિયાદ કરી તો જુનાગઢ ગુનો બને છે ત્યાં જાવ તેવુ પોલીસ તરફથી કહેતા જુનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગઈ હતી. પરંતુ ત્યાં વિરપુર પોલીસમાં જાવ તેવુ જણાવી યોગ્ય જવાબ નહી આપી ધક્કા ખવડાવતા હોય આખરે મારે ન્યાય માટે આત્મવિલોપન કરવાની ફરજ પડી હતી. જોકે યુવતી હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલ સારવાર હેઠળ છે. તેની ફરિયાદ નોંધવામાં આવી છે.

## ગોંડલના વેરી તળાવમાં મહિલાની મળેલી લાશનો ભેદ ઉકેલાયો

# પ્રેમ પ્રકરણમાં સગીરે મહિલાને તળાવમાં ફેંકી દઈ હત્યા કર્યાનું બહાર આવ્યું

### રાજકોટના વિધર્મી રીક્ષા ચાલક સાથે પ્રેમ સંબંધ ના કારણે મહિલાની હત્યા થયું હોવાનું બહાર આવતા ચકચારઃ પ્રેમીના સગીર વયના પુત્રની પોલીસે કરી ધડપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં આવેલ વેરી તળાવમાં ચાર દિવસ પહેલા મહિલાની લાશ મળી હતી જે બનાવના પગલે સ્થાનિક પોલીસ અને ગ્રામ્ય એલસીબી ની ટીમે સાત કરતા બનાવ હત્યાનો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે પ્રેમ પ્રકરણમાં મહિલાની હત્યા કરનાર પ્રેમીના સગીર પુત્રની ધરપકડ કરી હત્યાના બનાવનો ભેદ ઉકેલ નાખ્યો છે.

આ બાબતે પોલીસ માંથી જાણવા મળતી માહિતી મુજબ ચાર દિવસ પહેલા ગોંડલના વેરી તળાવમાંથી મહિલાની લાશ મળી હતી સ્થાનિક પોલીસ અને ગ્રામ્ય એલસીબી ની ટીમને આ બનાવો શંકાસ્પદ જણાતા અલગ અલગ દિશામાં તપાસ હાથ ધરી હતી તે દરમિયાન એલસીબી ના હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ ગુજરાતી તથા ભગીરથ સિંહ જાડેજા તથા વાઘાભાઈ અને કોન્સ્ટેબલ મહિપાલસિંહ ચુડાસમા ને મળેલી હકીકત ના આધારે ગોંડલના વેરી તળાવમાંથી મળેલી મહિલાની લાશ તે ગોંડલના ભગવત પરા કંટોલિયા રોડ પર નદી કાંઠે રહેતો અને રીક્ષા ચલાવતો હબીબ શાહ હુસેન શાહ શાહ મદાર નામના વિર્મી યુવાન સાથે લગ્ન વગર રહેતી દીપા બેન દેવીપુજક નામની મહિલા હોવાનું બહાર આવ્યું હતું અને આ મહિલાના પ્રેમ પ્રકરણ અંગે હબીબ શાહ ના સગીર પુત્રને ગમતું ન હોય જેથી તેણે તેના પિતાની પ્રેમિકા દીપાને એકટીવા માં બેસાડી ગોંડલના કેરી તળાવ ખાતે લઈ જઈ તેને પાણીમાં ધક્કો મારી હત્યા કરી હોવાની હકીકતના આધારે પોલીસે મૂળ ગોંડલના અને હાલ રાજકોટના રહ્યા ચોકડી પાસે રહેતો હબીબ શાહ હુસેન શાહ મદાર અને તેના પુત્ર ની આખરી પૂછ પર જ કરતા સબીર વયના પુત્રને હત્યા કર્યાની કબુલાત આપી હતી.

હત્યા નો ભોગ બનનાર દીપા જયંતિ સોલંકી બગસરા જેતપુર રોડ અમરેલી જિલ્લા માં આઠ વર્ષ પહેલાં જગદીશ સોલંકી સાથે લગ્ન કરી રાજકોટના ભગવતી પરામાં ભાગીને રહેવા આવી હોય જગદીશ સાથે પણ બનાવ બનતા છેલ્લા બે વર્ષથી તેને છોડી દઈ રીક્ષા ચાલક અબીબ શાહ સાથે પત્ની તરીકે રહેતી હતી હબીબ શાહ ને તેની પત્ની રૂક્ષાના સાથે છેલ્લા ૧૫ વર્ષથી બનતું ન હોય અને તેને સંતાનમાં ત્રણ સંતાનો હોય તે અલગ રહેતી હતી તે દરમિયાન હબીબ શાહ અને દીપા બંને વચ્ચે પ્રેમ સંબંધ હોવાની જાણ હબીબસાના સગીર વયના પુત્રને થતા





અને બંને વચ્ચેના પ્રેમ સંબંધ તેને ગમતા ન હોય જેથી ૧૫ એક દિવસ પહેલા હબીબ્સા નો સગીરભાઈ નો પુત્ર દીપા ને પોતાના એકટીવા મોટરસાયકલ માં બેસાડી ગોંડલ ભેરી તળાવ ખાતે લઈ જઈ ત્યાં તેની સાથે બોલાચાલી કરી દીપા અને ટીકાટુનો માર મારી વેરી તળાવના પાણીમાં નાખી દઈ તેની હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું. આ હત્યાના બનાવનો ભેદ ઉકેલવા ગ્રામ્ય એલસીબીના પીઆઈ વીવીઓડેદરા ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એચસી ગોહિલ એસ આઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા અમિત સિંહ જાડેજા તથા હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ ગુજરાતી તથા વાઘાભાઈ હાલ અને ભગીરથ સિંહ તથા રસિકભાઈ તથા ધર્મેશભાઈ સહિતના સ્ટાફે કામગીરી બજવી હતી.

# રાજકોટમાં વધુ એક ડિજિટલ અરેસ્ટનો કિસ્સો, કારખાનેદાર પાસેથી ૫.૩૫ લાખ પડાવી લીધા

### કાસ્ટિંગની ભઠ્ઠી ચલાવતા અને સત્યસાંઈ હોસ્પિટલ રોડ પર રહેતા પ્રવિણભાઈ ઉંધાડે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં વધુ એક ડિજિટલ અરેસ્ટનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં કારખાનેદાર પાસેથી ૫.૩૫ લાખ પડાવી લીધા હોવાનું ખુલ્યું છે. ઈડીના નામે વોટ્સએપ કોલ કરી ૭ કલાક ડિજિટલ અરેસ્ટ રાખેલ હતા. સાથે ફોટા વાળું વોરનૂટ પણ મોકલ્યું હતું.રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ગઈકાલે તા.૪/૨/૨૦૨૫ની રાત્રે ૮ વાગ્યે ડિજિટલ અરેસ્ટ કરી છેતરપીંડી કર્યાની ફરિયાદ નોંધાઈ.

રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ફરિયાદીની ફરિયાદ પરથી બી.એન.એસ કલમ૩૧૯(૨), ૩૦૮(૨), ૩૩૬(૨)(૩). ૩૫૧(૨), ૩૪૦(૨), ૨૦૪, ૧૨૭ તથા આઈ.ટી એક્ટ કલમ ૬૬(ડી) મુજબ ગુનો નોંધી પીઆઈ આર. જી. પઢિયારે વધુ તપાસ હાથ ધરી હતી. ફરિયાદી પ્રવિણભાઈ ધીરજભાઈ ઉંધાડ (ઉ.વ-૪૭, રહે.કાલાવડ રોડ, સત્યસાઈ હોસ્પિટલ રોડ, પ્રધુમન પાર્ક, શેરી નં.૪ રાજકોટ)એ પોતે ડિજિટલ અરેસ્ટનો ભોગ બન્યાની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં પ્રવિણભાઈએ જણાવ્યું કે, હું મારા પરીવાર સાથે રહું છું. કાસ્ટિંગની ભઠી ચલાવું છું.

ગઈ તા.૨૯/૧/૨૦૨૫ ના રોજ હું મારા કારખાના ઉપર હાજર હતો. જે કારખાનું જી.આઈ.ડીસીમાં આવેલ છે. તે દરમ્યાન સવારે ૯:૫૪ વાગ્યે મારા ફોનમાં વોટસએપ કોલ આવેલ. જેમા સામેના માણસે તેની ઓળખાણ અરરેસ્ટિંગ ઓફિસર નીરજ કુમાર , એસસીસ્ટન્ટ ડિરેક્ટર, ડાયરેક્ટોરેટ ઓફ એન્ફોરસમેન્ટ (ઈડી) મુંબઈ તરીકે ઓળખાણ આપી હતી. આ વ્યક્તિએ મને જણાવેલ કે તમારા નામે ઈસ્યુ થયેલ સિમકાર્ડ વાપરનાર વ્યક્તિએ તમારા નામે કેનેરા બેંકમાં ખાતું ખોલાવી ગેરકાયદેસર નાણાકિય વહિવટો કરેલા છે. જેને અમે પકડેલો છે. અને હાલમાં અમારી કસ્ટડીમાં છે.

જેથી તમારા બેંકના ખાતાની ચકાસણી કરવાની છે. તેમ વાત કરી એક અજાણ્યા વ્યકિતનો ફોટો મોકલ્યો. જે મેં જોયો અને હું સામેના વ્યક્તિને ઓળખતો નથી અને મેં આવુ કોઈ મારા નામનું સિમ કાર્ડ કઢાવેલ ન હોઈ તેમજ હું કોઈ ઓનલાઈન નાણાકિય વ્યવહાર કરતો નથી તેમ જણાવેલ. સામેની વ્યક્તિએ મને કાયદાકિય બાબતે ડરાવેલ અને મારા વોટસએપમાં મારા નામનું મારા ફોટા સાથેનું ડીજીટલ અરેસ્ટ વોરંટ મોકલી તમને અરેસ્ટ કરવામાં આવેલ છે. તેમ જણાવી જે વોરંટ મેં જોતા તેમા સહી સિકકા કરેલ હતા. અને આ સામેની વ્યક્તિએ મને કાયદાકિય રીતે ડરાવેલ હોય. જેથી હું ખુબ જ ગભરાઈ ગયેલ. તેમના કહેવા મુજબ હુ કરવા લાગેલ હતો. વધુમાં પ્રવિણભાઈએ જણાવ્યું કે, આ વ્યક્તિએ આરટીજીએસથી મારા ખાતામાં રહેલ બધા પૈસા વેરિફિકેસન કરવા માટે તેમના ખાતામાં નાખવા જણાવેલ. તેમના બેંક એકાઉન્ટ નં લખાવેલ. જેના એકાઉન્ટ ધારક કૌશ્તી અજયકુમાર હતા. ઓઢવ બ્રાંચ અમદાવાદનું બેંક એકાઉન્ટ હતું. એકાઉન્ટમાં રૂ.૫,૩૫,૦૦૦નુ આરટીજીએસ કરવા જાણાવેલ. ફોન ચાલુ રાખવા અને બીજા કોઇને વાત ન કરવા ધમકી આપેલ.

જેથી હું મારા કારખાનેથી નિકળી મારા ઘરે જઈ, ચેકબુક લીધી.સામે વાળી વ્યક્તિએ ડરાવેલ હોઈ જેથી મે ઘરના કોઈપણ સભ્ય સાથે વાત કરેલ નહી અને મારા ઘર નજીક આવેલ રાજનગર ચોકમાં એસબીઆઈ બેંકમાં જઈ સામે વાળી વ્યક્તીના કહેવા મુજબ ચાલુ ફોને મારા બેંક એકાઉન્ટમાંથી ૫,૩૫,૦૦૦નું આરટીજીએસ કરેલ. ફોન ચાલુ રહેવા



દેવાનું જણાવી ઘરે જઈને એક રૂમમાં એકલા બેસી રહેવા અને કોઈની પણ સાથે વાત ન કરવા ધમકાવેલ.

મેં તે મુજબ જ કરેલ તે પછી અડધો કલાક પછી આ વ્યક્તિએ તથા અન્ય એક મહિલા એ મારી સાથે વાત કરેલ. મને જણાવેલ કે તમારા બેંન્ક એકાઉન્ટનું વેરીફિકેશન થઈ ગયેલ છે. અમારી કસ્ટડીમાં રહેલ વ્યક્તિ સાથે તમારે કોઈ પણ પ્રકારની લેતી-દેતી નથી. જેથી તમને અમે ડિજિટલ અરેસ્ટમાંથી મુક્ત કરીએ છીએ. અડધો કલાકમાં તમારી રકમ તમારા એકાઉન્ટમાં પાછી આવી જશે.

ત્યારબાદ પોણાચારેક વાગ્યે મારો મિત્ર સંજયભાઈ નારણભાઈ કોરાટ મારા ઘરે આવતા મેં આ બધી વાત કરતા તેમણે મને મારી સાથે છેતરપીંડી થયેલ એવુ જણાવેલ. જેથી મે આ સામેવાળી વ્યકિતના મોબાઈલમાં ફોન કરેલ પણ ફોન બંધ આવેલ. જેથી અમે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં જઈ ઓનલાઈન ૧૯૩૦માં ફરીયાદ કરેલી. જે પછી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે.

# કાંગશીયાળી ગામના ખરાબા દારૂનું કટીંગ થાય તે પહેલાં પોલીસ ત્રાટકીઃ કાલાવડનો સપ્લાયર ઝબ્બે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કાંગશીયાળી ગામના ખરાબા દારૂનું કટીંગ થાય તે પહેલાં પોલીસ ત્રાટકી હતી અને કાલાવડના સપ્લાયર ઈમરાનની ધરપકડ કરી હતી. જ્યારે બે શખ્સો નાસી છૂટતાં તેની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ, શાપર પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ હરદીપસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ગોહિલ, મયુરસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ લગધીરસિહ જાડેજા સહિતના સ્ટાફને કાગશીયાળી ગામમાં પંચાયત ઓફીસની બાજુ આગળ કાચા રસ્તા પર જતા ખરાબાની જગ્યામાં બુટલેગરો ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી હેરાફેરી કરેછે.

તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડતાં બાતમીના સ્થળે એક શખ્સ હાજર હોય તેને અટકાવી ચેક કરતા થોડે દુર ખાડામાં ઈંગ્લીશ દારુ રાખેલ હોવાનુ જણાવેલ અને તેનુ નામ પુછતા પોતે ઈમરાન કાદર બાવાણી ( ઉ.વ.૪૫), (રહે.કાલાવડ શીતળા, પંજેતન નગર વોરાના કબરીસ્તાન સામે) હોવાનુ જણાવેલ તેમજ ખાડામાં પડેલ બોક્સ ચેક કરતાં અલગ અલગ બ્રાન્ડની દારૂની ૫૨ બોટલ મળી આવતાં કુલ રૂ.૨૮૬૬૨ નો મુદ્દામાલ કબ્જે કરી ઈમરાન બાવાણીની ધરપકડ કરી પુછતાછ આદરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સે કાલાવડના રહીશ ગુલાબ બ્લોચ સાથે આવેલ અને ઈંગ્લીશ દારુનો જથ્થો રહીશે મંગાવી અહીં રખાવેલ હતો. તેમજ દારૂ કાંગશિયાળીનો પ્રતીપાલસિંહ વીક્રમસિહ સોલંકી લેવા માટે આવવાના હોય અને રહીશ ઈમરાનને અહી ઉતારી નાસ્તો લેવા માટે ગયો હતો. પોલીસે ફરાર બંને શખ્સોની શોધખોળ આદરી હતી.

# આરોપીને પકડવા ગયેલી પોલીસ પાછળ ધોકા લઈ ટોળુ દોડ્યું પોલીસમેનને ભાગવું પડ્યું !

### કુખ્યાત માજીદ ભાણુની ગેંગે રૂખડિયા પરામાં ધમાલ મચાવતા પીઆઈ સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી હતીઃ પોલીસ સાથે ઝપાઝપી કરી માર માર્યોઃ બાઈકમાં તોડફોડ કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં આરોપીને પકડવા જતા ટોળું ધોકા લઈ પોલીસની પાછળ ધોળ્યું હતું. બે પોલીસમેનને જીવ ૧ બચાવી રીતસર ભાગવું પડ્યું હતું. મ પથ્થરોના ઘા થતા પોલીસમેન પોતાનું બાઈક લેવા પણ રોકાયા નહોતા. આરોપીઓએ પોલીસના બાઈકમાં ધોકાના ઘા મારી તોડફોડ કરી હતી. સમગ્ર ઘટના એવી છે કે, ગત મોડી રાત્રે કુખ્યાત માજીદ ભાણુની ટોળકીએ રૂખડિયામાં ધમાલ નસ્ર મચાવી હોવાથી પ્ર.નગરની પીઆઈ સહિતની ટીમો દોડી ગઈ હતી.

પોલીસ પહોંચી ત્યાં આરોપી નીકળી ગયા હતા. જુદી જુદી ટીમો તેને શોધવામાં લાગી હતી. માજીદની ટોળકી ધોકા સાંઢિયાપુલ સ્વસ્લમ ક્વાટર્સ ખાતે ધોકા લઈ ઉભી હતી ત્યાં બે પોલીસ કોન્સ્ટેબલ પહોંચી જતા ઝપાઝપી કરી બેફામ ઢીકા માર્યા હતા. પ્રધુમનનગર પોલીસના કોન્સ્ટેબલ રિયાઝભાઈ મહમદભાઈ ભીપૌત્રાએ માજીદ રફીક ભાણુ અને તેના ૧૦થી ૧૨ સાગરીતો સામે ફરજ રુકાવટની ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, ગત રાત્રીથી હું, એએસઆઈ ડી.વી. ખાંભલા, કોન્સ્ટેબલ મયુરરાજસિંહ છોટુભા જાડેજા એમ બધા ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે સાડા બારેક વાગ્યાની આસપાસ પોલીસ સ્ટેશન ખાતેથી સર્વેલન્સ સ્કોડના કોન્સ્ટેબલ તોફીકભાઈ દાદુભાઈ મંઘરાએ ટેલીફોનીક જાણ કરેલ કે, રૂખડીયાપરા ખાતે માથાકૂટ થઈ છે. બીજો કોઈ અનીચ્છનીય બનાવ બને નહી તે સારૂ બંદોબસ્ત અર્થે તાત્કાલીક રૂખડીયાપરા મેલડીમાના મંદીર પાસે આવો. જેથી હું અને મયુરરાજસિંહ રૂખડીયાપરા મેલડીમાના મંદીર ખાતે પહોંચેલ. ત્યાં પીઆઈ પી. આર. ડોબરીયા, પીએસઆઈ બેલીમ, કોન્સ્ટેબલ તોફીકભાઈ હાજર હતા. ત્યાં ફરીદાબેનના ઘરે આરોપી માજીદ રફીક ભાણુ તથા તેના સાગરીતોએ કાચની બોટલના ઘા કરેલ હોય અને ભયનું વાતાવરણ ઉભુ કરેલ હતું. જેથી હું અને મયુરાજસિંહ આરોપીઓની તપાસમાં લાગ્યા હતા. જામનગર રોડ સાંઢીયા પુલ સ્લમ ક્વાર્ટર ક્મીટી ચોક ખાતે પહોંચતા ત્યાં માજીદ રફીક ભાણુ-તેમજ તેના ૧૦ થી ૧૨ સાગરીતો ઉભેલ હતા. ત્રણ-ચાર સાગરીતો પાસે લાકડાના ધોકા હતા. મેં માજીદને બોલાવી પોલીસ તરીકેની ઓળખ આપી હતી. માજીદ ભાણુએ કહેલ કે, તું પોલીસ હોય તો શું થયું? અમે આ વિસ્તારના ડોન છીએ. તેમ કહીં અમારી સાથે ઝઘડો કરવા લાગેલ. અમે તેને સમજાવતા તેણે ઉગ્ર બોલાચાલી કરી.

# પત્ની અને સાસરીયાઓના ત્રાસથી કંટાળી યુવકે કરેલા આપઘાતના ગુનામાં સાળાના જામીન મંજૂર

■ તારી જિંદગી ખરાબ કરી નાંખવી છે, જીવવા જેવો રહેવા દેવો નથી તેવી ધમકી આપતા આપઘાત કર્યો હતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં રહેતા યુવકે પોતાના પરે ગળાફાંસો ખાઈ આપવાત કરી લીધો હતો. આપવાત પાછળ તેની પત્ની અને સાસરીયાઓનો ત્રાસ કારણભૂત હોવાનું બહાર આવતા પત્ની સહિતના સાસરીયાઓ સામે પોલીસે ગુનો દાખલ કર્યો હતો. બાદમાં તમામની ધરપકડ કરી જેલ હવાલે કરાયા હતા જે ગુનામાં જામીનમુક્ત થવા આરોપી સાળાએ કરેલી જામીન અરજી અદાલતે મંજૂર કરી છે. આ કેસની વિગત મુજબ, મૃતક મહેશભાઈ વિંઝુડાના લગ્ન હેતલબેન સાથે ૫ વર્ષ પહેલા થયેલા. હેતલબેન ઝઘડો કરીને રીસામણે જતા રહ્યા હતા. મનાવના ત્રણ દિવસ પહેલા મહેશભાઈ વિંઝુડા સાથે આરોપીઓએ એક સંપ કરી ભરણપોષણ તો આપવુ જ પડશે છુટાછેડા પણ આપવા નથી અને તારી જીંદગી ખરાબ કરી નાખવી છે. હજુ તો સજા કરાવવાની છે. તને જીવવા જેવો નથી રેવા દેવો. તેવું કહી ઝવડો કરેલો. જેથી સાસરિયાઓના ત્રાસથી કંટાળી મહેશભાઈએ પોતાના ફ્લેટમાં મળે હાંસો ખાઈ આપઘાત કરતા યુનીવર્સિટી પોલીસ સ્ટેશનમાં આરોપી (૧) કરશન બાટા (૨) હેતલબેન (૩) કમલેશ કરશન બાટા (૪) વિમલ કરશન ભાટા વિરુદ્ધ ગુનો દાખલ થયો હતો. ધરપકડ બાદ જેલ હવાલે રહેલા મૃતકના સાળા આરોપી કમલેશ બાટાએ સેશન્સ કોર્ટમાં કરેલી જામીન ખરજી નામંજુર થતા હાઈકોર્ટમાં જામીન અરજી ક૨૦૧. જેમાં આરોપીના એડવોકેટે કરેલી દલીલો, રજુ રાખેલ ચુકાદા, ધ્યાનમાં લઈ હાઈકોર્ટે આરોપી કમલેશ બાટાને જામીન ઉપર મુક્ત કરવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રણજીત બી. મકવાણા, જીલેશ એમ.સભાડ, યોગેશ એ. જાદવ, કેવીન એમ. ભડેરી તેમજ મદદમાં અભય ચાવડા, વિશાલ રોજાસરા, હાઈકોર્ટમાં મેહુલભાઈ એસ.પાડલીયા રોકાયેલ હતા.

# રાજમોતી મીલના મેનેજરની હત્યામાં તાજના સાક્ષી સંદીપ ગાંધી નિર્દોષ

### ૩ને આજીવન સજા ફટકાર્યા બાદ અદાલતે શંકાનો લાભ આપ્યો

બી ડીવીઝન પો.સ્ટે. વિસ્તારમાં આવેલ રાજમોતી ઓઈલ મીલના કર્મચારી (અમદાવાદ સ્થતિ બ્રાંચ મેનેજર) દિનેશભાઈ દક્ષિણીનું પોલીસ કસ્ટડીમાં શંકાસ્પદ હાલતમાં મૃત્યુ થયેલ હોવાના અનુસંધાને રાજકોટના રાજમોતી ઓઈલ મીલના માલીક સમીર શાહ, સમીર ગાંધી, પોલીસ સબ-ઈન્સ્પેકટર મારૂ સબ-ઈન્સપેકટર યોગેશ ભટ્ટ વિગેરે સહીતના વિરૂધ્ધ ગુનો નોંધાયેલ હતો. તેમજ નામ. કોર્ટમાં અલગ અલગ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ પણ કરવામાં આવેલ હતુ. જે કેસમાં તાજના સાક્ષી તરીકે સમીર ગાંધીએ નામ. કોર્ટમાં અરજી આપેલ હતી તે મંજુર કરતા તેની જુબાની નામ. કોર્ટ ફબરૂ લેવામાં આવેલ હતી.જેમાં ઉપરોકત બનાવ અનુસધાને રાજમોતી ઓઈલ મીલના માલીક તથા સસ્પેન્ડેન્ટ એ.એસ.આઈ. યોગેશ ભટ્ટ તથા ડ્રાઈવર કૃપાલસિંહ ચુડાસમાને રાજકોટ નામ. અધિક સેશન્સ જજની કોર્ટે તેઓને આજીવન કેદની સજા ફરમાવવામાં આવેલ હતી. આ બનાવવામાં સહ-આરોપી સંદીપ કિર્તીકુમાર ગાંધી, કીર્તીકુમાર શાંતીલાલ ગાંધી વિરૂધ્ધ પણ ગુન્હો નોંધી અલગથી ચાર્જશીટથી કરી કેસ ચાલેલ હોય જેમા સહ-આરોપી સંદીપ કીર્તીકુમાર ગાંધીને શંકાનો લાભી આપી નિર્દોષ છોડી મુકાવાનો રાજકોટના અધિક સેશન્સ જજ સાહેબએ હુકમ કરેલ. તેમજ ચાલુ ટ્રાયલ દરમ્યાન સહ-આરોપી કીર્તીકુમાર શાંતીલાલ ગાંધીનું અવસાન પામેલ હોય જેને નામરુ કોર્ટે કેસ એબેટ કરવામાં આવ્યો હતો. આરોપી સંદીપ કિર્તીકુમાર ગાંધી તરફે રાજકોટના યુવા એડવોકેટ જીજ્ઞેશ એમ. લાખાણી એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# બામણબોર નદીમાં ડુબી જતા પરપ્રાંતિય યુવાનનું મોત



બામણબોર પાસે આવેલી કંપનીમાં મજુરીકામ કરતો બિહારી યુવક નદીમાં ન્હાવા ગયા બાદ ડૂબવા લાગ્યો હતો અને પછી તેનો મૃતદેહ બહાર આવતા ચકચાર મચી ગઈ હતી.પ્રાપ્ત વિગતો અનુસાર, ગઇકાલે સાંજે બામણબોર નદીમાં યુવાન ડુબ્યો હોવાની જાણ થતા ફાયર બ્રિગેડનો સ્ટાફ દોડી ગયો હતો. એરપોર્ટ પોલીસનો સ્ટાફ પણ ત્યાં પહોંચી ગયો હતો. મૃતદેહને બહાર કાઢી પી.એમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ડુબી જનાર યુવાન નંદુ કમલેશ સહાની (ઉ.વ ૩૧) હોવાનું જાણવા મળેલ. તે મૂળ બિહારનો વતની હતો. બામણબોરની ગ્રીન પ્લાય કંપનીમાં કામ કરતો હતો. ત્યાં જ રહેતો હતો. સાંજે તે મિત્રો સાથે નદીમાં ન્હાવા ગયો હતો ત્યાં ડૂબવા લાગ્યો હતો. મૃતક ચાર ભાઈમાં નાનો હતો. પત્ની ત્રણ વર્ષથી રિસામણે છે. પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી હતી.

# ગાંધીનગરના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ઈન્ચાર્જ મદદનિશ કમિશનર સહિત બે લાંચ લેતા ઝડપાયા

■ ઓનલાઈન ફોર્મ ભરી લોન ઝડપથી મંજુર કરવા માટે રૂા.૪૨૦૦ માંગ્યા હતા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગાંધીનગરના જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના ઈન્ચાર્જ મદદનીશ કમિશનર અને પટાવાળા સહિત બે રૂા. ૪૨૦૦ની લાંચ લેતા ઝડપાયા હતા.

જાણવા મળતી માહિતી મુજબ જાગૃત નાગરિકને શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ ઈકો ગાડી ખરીદવી હતી તેથી રૂા. ૭.૭૪ લાખની સબસીડી લોન લેવા માટે તેઓએ ગાંધીનગરના સેકટર-૧૧ના જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે સંપર્ક કર્યો હતો. ત્યાં પટાવાળા પ્રવિણભાઈ શ્રીમાળીએ નાગરિક પાસે ઓનલાઈન ફોર્મ ભરવાના અને લોન ઝડપથી મંજુર કરાવી આપવાના અવેજ પેટે રૂા. ૪૨૦૦ની લાંચ માંગી હતી

પરંતુ નાગરિકે આ બાબતે એસીબીનો સંપર્ક કરી ફરિયાદ આપતા મદદનીશ નિયામક હતી.

આશુતોષ પરમારના માર્ગદર્શન હેઠળ પીઆઈ ચાવડાની ટીમે સેકટર-૧૧ની પાછળ એમએસ બિલ્ડીંગના પાર્કિંગમાં છટકું ગોઠવ્યું તેમજ પટાવાળાએ ફરિયાદી પાસેથી રૂા. ૪૨૦૦ની લાંચ સ્વીકારી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ (ઈન્ચારેજ મદદનીશ કમિશનર) મૌલિક મહેન્દ્રભાઈ પટેલે સ્વીકારેલના નાણાંની સહમતિ દર્શાવતા એસીબીએ બન્નેને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

# જેતપુર DYSP કચેરીમાં યુવતીએ ઝેરી દવા પી લેતા દોડધામ

### સામુહિક દુષ્કર્મની ફરિયાદ દાખલ કરવાની માગણી સાથે આત્મવિલોપનનો પ્રયાસ કરતા પોલીસે ઝડપી લઈ હોસ્પિટલે ખસેડી

**મુખ્ય સમાચાર,જેતપુર**

જેતપુર ડીવાયએસપી કચેરીમાં યુવતિએ ન્યાય નહીં મળતા આત્મવિલોપનનો પ્રયાસ કરતા પોલીસે તેને પકડી સીવીલ હોસ્પિટલે ખસેડી હતી. સામુહિક દુષ્કર્મ અને અપહરણની ફરિયાદ બાબતે ન્યાયની આશા સાથે આવેલી યુવતિએ ઝેરી દવા પી લીધી હતી. આ યુવતિએ અગાઉ આત્મ વિલોપનની ચીમકી ઉચ્ચારી જેને પગલે રાજકોટ એસ.પી. ઓફિસ અને જેતપુર ડિવાયએસપી કચેરીએ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હોવા છતાં જેતપુર ડિવાયએસપી કચેરીએ યુવતિએ આત્મ વિલોપનનો પ્રયાસ કરતા પોલીસમાં પણ દોડધામ મચી ગઈ હતી. સમગ્ર ઘટનાની વિગતો એવી છે કે, જેતપુરના એક ગામમાં રહેતી યુવતિ કે જે એક શખ્સ સાથે



મૈત્રી કરારથી રહેતી હોય તેની સાથે સામુહિક દુષ્કર્મ થયું હોય અને તેનું વિરપુરથી અપહરણ કરવામાં આવ્યું હોય જે મામલે પોલીસ દ્વારા રાજકોટ ગ્રામ્ય એલસીબી અથવા જૂનાગઢ એલસીબીને તપાસ સોંપાઈ તેવી માંગ સાથે પોલીસ અધિકારીઓને કરેલી રજૂઆત છતાં આ યુવતિની ફરિયાદ બાબતે પોલીસે કોઈ ગંભીરતા નહીં લેતા આ યુવતિએ આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી. સામુહિક દુષ્કર્મ અને અપહરણની ફરિયાદમાં એલસીબીને તપાસ સોંપવાની માંગ સાથે યુવતિએ આપેલી ચીમકીના પગલે રાજકોટ જિલ્લા પોલીસવડા કચેરી તેમજ જેતપુર ડિવાયએસપી કચેરીખાતે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસ બંદોબસ્ત વચ્ચે જેતપુર ડિવાયએસપી કચેરીએ પહોંચેલી યુવતિએ ઝેરી દવા લીધતી. જેતપુર ડિવાયએસપી રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ તે પુર્વે જ તેણે દવાનો એક ઘુટ ભરી લીધો હતો. ત્યાં હાજર પોલીસે આત્મવિલોપનનો પ્રયાસ કરનાર યુવતિને અટકાવી તેને તાત્કાલીક હોસ્પિટલે ખસેડી હતી. આ મામલે જિલ્લા પોલીસવડાને જાણ કરવામાં આવતા હવે આ યુવતિની ફરિયાદને લઈને આગામી દિવસોમાં પોલીસ હવે શું નિર્ણય લેશે તે જોવાનું રહ્યું.

# કારખાનેદારની પત્નીને ચાલુ સ્કૂટરે હૃદય રોગનો હુમલો આવતા મોત નિપજયું



શહેરમાં મવડી વિસ્તારમાં આવેલા કાવેરી પાર્કમાં રહેતા કારખાનેદારની પત્ની સવારના અરસામાં સ્કૂટર લઈને જઈ રહ્યા હતા ત્યારે ઘર નજીક પહોંચતા જ ચાલુ સ્કૂટરે હૃદય રોગનો હુમલો આવી જતા સ્કૂટર પરથી પટકાયા હતા. - પરિણીતાનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. આ બનાવ અંગે પોલીસ માંથી જાણવા મળતી વિગત મુજબ મવડી વિસ્તારમાં આવેલા કાવેરી પાર્કમાં રહેતી રમીલાબેન લાલજીભાઈ ભાદાણી નામની ૩૬ વર્ષની પરિણીતા પોતાના ઘર પાસેથી સ્કૂટર લઈને પસાર થઈ રહી હતી ત્યારે ચાલુ સ્કૂટર બેભાનમાં ઢળી પડતા તેણીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તેણીની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી પરિણીતાનું હૃદય રોગના હુમલાથી મોત નીપજયુ હોવાનું જાહેર કરતાં પરિવારમાં આરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને પરિણીતાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક પરણીતાના પતિ લાલજીભાઈ ભાદાણીને પ્લાસ્ટિકનું કારખાનું છે અને તેમને સંતાનમાં એક પુત્રી છે રમીલાબેન ભાદાણી સવારના અરસામાં પોતાનું સ્કૂટર લઈને જઈ રહ્યા હતા. ત્યારે ચાલુ સ્કૂટરે આવેલો હૃદય રોગનો હુમલો જીવલેણ નીવડ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે તાલુકા પોલોસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.